RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 341 Dt. 16-06-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# જહાજો પાસેથી ઈરાન વસૂલશે ટોલ

## હોર્મુઝમાંથી પસાર થતા ટોલ ચૂકવવાની શરત અમેરિકાએ શરત માની લીધાનો ઈરાનનો મોટો દાવો : અમેરિકા તરફથી હજુ કોઈ સત્તાવાર પ્રતિક્રિયા નહીં



નવી દિલ્હી, તા. ૧૫

ઈરાને મોટો દાવો કરતા જણાવ્યું છે કે અમેરિકાએ તેને હોર્મુઝ સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ) માંથી પસાર થતા જહાજો પાસેથી ટોલ વસૂલવાની મંજૂરી આપી દીધી છે. અમેરિકા અને ઈરાન વચ્ચેના શાંતિ કરારની શરતોમાં છેલ્લી ઘડીએ કરવામાં આવેલા ફેરફાર બાદ આ મંજૂરી મળી હોવાનું ઈરાનનું કહેવું છે. જોકે, ઈરાનના આ દાવા અંગે અમેરિકા તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા કે નિવેદન સામે આવ્યું નથી.

અમેરિકા-ઈરાન શાંતિ કરારમાં આ એક બહુ મોટો ફેરફાર માનવામાં આવી રહ્યો છે. ઈરાનનો દાવો છે કે અંતિમ સંમતિમાં અમેરિકાએ સ્વીકાર્યું છે કે ઈરાન હોર્મુઝ સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજો પાસેથી ટોલ વસૂલ કરી શકે છે. આ બાબત આશ્ચર્યજનક એટલા માટે છે કારણ કે, થોડા કલાકો પહેલા જ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હોર્મુઝ સામુદ્રધુનીને ખુલ્લી રાખવા અને કોઈપણ જાતના ટોલ વિના જહાજોની મુક્ત અવરજવરની તરફેણ કરતા જોવા મળ્યા હતા. અગાઉ પણ ટ્રમ્પે અનેકવાર સ્પષ્ટ કર્યું હતું કે તેઓ ઈરાનને હોર્મુઝમાંથી પસાર થતા જહાજો પાસેથી ટોલ વસૂલવા દેશે નહીં.

ઈરાનની સરકારી સમાચાર એજન્સી 'ફાર્સ ન્યૂઝ'ના એક સૂત્રના હવાલાથી જણાવાયું છે કે, કરારમાં આ મહત્વપૂર્ણ જળમાર્ગમાં દરિયાઈ સેવાઓના સંચાલનમાં ઈરાન અને ઓમાનની ભૂમિકાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આનાથી ભવિષ્યમાં કોમર્શિયલ શિપિંગમાંથી આવક વસૂલવાનો રસ્તો સાફ થઈ ગયો છે. વાટાઘાટોના અંતિમ તબક્કામાં કરારના લખાણમાં એવા સુધારા કરવામાં આવ્યા હતા જેથી હોર્મુઝ સામુદ્રધુની પર ઈરાન અને ઓમાનની સંપ્રભુતા અને અધિકારોના મુદ્દા પર નિશ્ચિત અને સ્પષ્ટપણે ભાર મૂકી શકાય. સૂત્રોના જણાવ્યા અનુસાર, કરારના શરૂઆતના ડ્રાફ્ટમાં પણ ઈરાનની સંપ્રભુતા સુનિશ્ચિત કરવાના મુદ્દાઓ હતા, પરંતુ અંતિમ લખાણમાં હવે સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે ''હોર્મુઝ સામુદ્રધુનીમાં દરિયાઈ સેવાઓના વહીવટનું ભવિષ્ય'' ઈરાન અને ઓમાન દ્વારા જ નક્કી કરવામાં આવશે. અહેવાલો મુજબ, તેહરાન આ ''દરિયાઈ સેવાઓ'' શબ્દના સમાવેશને વોશિંગ્ટન તરફથી મળેલી એક મોટી અને મહત્વપૂર્ણ છૂટછાટ તરીકે જોઈ રહ્યું છે. આ શબ્દનો અર્થ એવો કાઢવામાં આવી રહ્યો છે કે અમેરિકા દ્વારા ઈરાન માટે ફી વસૂલવાની વાત પાકી થઈ ગઈ છે. જોકે, અહેવાલમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ઈરાન શરૂઆતના ૬૦ દિવસ સુધી જહાજોને કોઈપણ પ્રકારના ચાર્જ વિના સામુદ્રધુનીમાંથી પસાર થવા દેવા માટે સંમત થયું છે.



## અમેરિકા-ઈરાન ડીલ પર નરેન્દ્ર મોદીનું મોટું નિવેદન

# અંતિમ સમજૂતીની આશાઃ વડાપ્રધાન

નવી દિલ્હી, તા.૧૫

અમેરિકા અને ઈરાન વચ્ચે આખરે શાંતિ કરારની જાહેરાત થઈ ગઈ છે અને આગામી શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડમાં તેના પર ઔપચારિક હસ્તાક્ષર થવાના છે. વિશ્વભરના નેતાઓએ આ કરારનું ઉમળકાભેર સ્વાગત કર્યું છે, ત્યારે અમેરિકા-ઈરાન ડીલ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું પણ મોટું નિવેદન સામે આવ્યું છે. પીએમ મોદીએ આ ઐતિહાસિક પગલાને આવકારતા જણાવ્યું હતું કે, 'સંઘર્ષનો અંત લાવવા માટે અમે આ કરારને આવકારીએ છીએ. હવે ટકાઉ અને અંતિમ સમજૂતીની આશા છે.'

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરતાં પીએમ મોદીએ વિસ્તૃતમાં લખ્યું હતું કે, 'પશ્ચિમ એશિયામાં સંઘર્ષનો અંત લાવવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા કરારનું હું સ્વાગત કરું છું. આ સંઘર્ષને કારણે વિશ્વભરમાં ગંભીર આર્થિક ઉથલપાથલ થઈ છે અને ઘણા દેશોમાં જાનમાલનું નુકસાન થયું છે. ભારતને આશા છે કે, આ કરારના અમલીકરણથી શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવામાં મદદ મળશે, તેમજ હિલચાલ અને વેપારની સ્વતંત્રતા સુનિશ્ચિત થશે. અમને આશા છે કે બાકીના મુદ્દાઓ પર વાટાઘાટો કાયમી અને અંતિમ સમાધાન તરફ દોરી જશે.'

ઉલ્લેખનીય છે કે, યુએસ અને ઈરાને તેમના ત્રણ મહિનાથી વધુ સમયથી ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવા માટે એક માળખાગત કરારની જાહેરાત કરી છે. બંને પક્ષોએ પુષ્ટિ આપી છે કે આગામી ૧૯ જૂનના રોજ સ્વિટ્ઝર્લેન્ડમાં ઔપચારિક સમજૂતી કરાર પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. સમાચાર એજન્સી ઍસોસિએટેડ પ્રેસના અહેવાલ મુજબ, પ્રસ્તાવિત કરારમાં લશ્કરી કાર્યવાહીનો અંત લાવવો, હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી શરૂ કરવી અને યુએસ નૌકાદળની નાકાબંધી હટાવવાનો સમાવેશ થાય છે. જ્યારે ભવિષ્યની વાટાઘાટો માટે ઈરાનના પરમાણુ કાર્યક્રમને છોડી દેવાના મુદ્દાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મધ્યસ્થીની ભૂમિકા ભજવનારા પાકિસ્તાને જાહેરાત કરી છે કે બંને દેશો લેબેનોન સહિત તમામ મોરચે લશ્કરી કાર્યવાહી તાત્કાલિક અને કાયમી ધોરણે બંધ કરવા સંમત થયા છે.

આ મામલે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પ્લેટફોર્મ પર મોટી જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, 'ઈરાન સાથેનો કરાર હવે પૂર્ણ થયો છે. બધાને અભિનંદન! હું અહીંથી હોર્મુઝ સ્ટ્રેટને મુક્ત રીતે ખોલવા તેમજ યુએસ નૌકાદળની નાકાબંધીને તાત્કાલિક હટાવવાની મંજૂરી આપું છું.'

### રાજ્ય સરકારની નવી ઔદ્યોગિક નીતિ

# ૧૦ હજાર કરોડનું રોકાણ કરનાર ઉદ્યોગોને કસ્ટમાઈઝ્ડ પ્રોત્સાહન

**રાજ્યને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક, નવીનતા આધારિત અને ટકાઉ ઔદ્યોગિક શક્તિ તરીકે વિકસાવવાના ઉદ્દેશની નીતિ**

રાજકોટ, તા. ૧૫

સરકાર દ્વારા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ૨.૦ ઉપર પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતની નવી ઔદ્યોગિક નીતિ જાહેર કરી દીધી છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલી નવી ઔદ્યોગિક નીતિ ૧ જૂન ૨૦૨૬થી અમલમાં આવશે અને આગામી પાંચ વર્ષ સુધી અમલમાં રહેશે. રાજ્યને વૈશ્વીક સ્તરે સ્પર્ધાત્મક, નવીનતા આધારિત અને ટકાઉ ઔદ્યોગિક શકિત તરીકે વિકસાવવાના ઉદ્દેશ સાથે આ નીતિ તૈયાર કરવામાં આવી છે. મહાત્મા મંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નીતિનું વિધિવત લોન્ચીગ કર્યું હતું. રાજ્ય સરકારના જણાવ્યા મુજબ આ નીતિ માત્ર રોકાણ આકર્ષવા પૂરતી સીમિત નહીં રહે, પરંતુ ગુજરાતને વૈશ્વીક સ્તરે સ્પર્ધાત્મક, ટેકનોલોજી આધારિત અને ભવિષ્યલક્ષી ઔદ્યોગિક



હબ તરીકે વિકસાવવાનો રોડમેપ સાબિત થશે.

નવી ઔદ્યોગિક નીતિ આગામી પાંચ વર્ષ માટે રાજ્યના ઔદ્યોગિક વિકાસની દિશા નક્કી કરશે. ખાસ કરીને આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૭ને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલી આ નીતિ દ્વારા મોટા પાયે રોકાણ, રોજગારી સર્જન અને આધુનિક ટેકનોલોજી આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ નીતિનું સૌથી મહત્વનું પાસું એ છે કે ગુજરાત હવે પરંપરાગત ઉત્પાદન આધારિત અર્થતંત્રથી આગળ વધી સેમિકન્ડક્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ, ડિજિટલ સર્વિસિસ, ડેટા સેન્ટર્સ અને ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ જેવા ઉચ્ચ મૂલ્યવર્ધિત ક્ષેત્રોમાં પોતાનું નેતૃત્વ સ્થાપિત કરવા પર ભાર મૂકી રહ્યું છે. રાજ્ય સરકારનો દાવો છે કે આ ક્ષેત્રોમાં રોકાણ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરીને ગુજરાતને વૈશ્વીક સપ્લાય ચેઈનનો મહત્વનો ભાગ બનાવવામાં આવશે.

નવી નીતિમાં અલ્ટ્રા મેગા પ્રોજેક્ટ્સ માટે વિશેષ પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. ૧૦ હજાર કરોડ રૂપિયા કે તેથી વધુનું રોકાણ કરનાર ઉદ્યોગોને કસ્ટમાઈઝ્ડ પ્રોત્સાહન આપવામાં આવશે. સાથે જ રોકાણકારોને ઝડપથી પ્રોજેક્ટ શરૂ કરી શકાય તે માટે પ્લગ-એન્ડ-પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે, જેમાં જમીન, વીજળી, પાણી અને અન્ય જરૂરી સુવિધાઓ પહેલેથી ઉપલબ્ધ રહેશે.

## ડ્રોન મેન્યુફેક્ચરિંગ, રોબોટિક્સને મળશે વિશેષ પ્રોત્સાહન

ડ્રોન મેન્યુફેક્ચરિંગ, રોબોટિક્સ, એરોસ્પેસ, ડિફેન્સ, સર્ક્યુલર ઈકોનોમી અને રિસાયક્લીગ ઉદ્યોગોને પણ વ્યૂહાત્મક ક્ષેત્ર તરીકે ઓળખીને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. બીજી તરફ ગ્રીન ઈન્ડસ્ટ્રી, વોટર રીયુઝ, વેસ્ટ મેનેજમેન્ટ અને એનર્જી એફિશિયન્સી પ્રોજેક્ટ્સને પ્રાથમિકતા આપીને પર્યાવરણલક્ષી વિકાસને પણ નીતિનો મહત્વનો આધાર બનાવવામાં આવ્યો છે. સરકાર દ્વારા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ૨.૦ પર પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. સિંગલ વિન્ડો સિસ્ટમને વધુ મજબૂત બનાવવાની સાથે ઓનલાઈન મંજૂરી, સેલ્ફ સર્ટિફિકેશન અને ઝડપી ક્લીયરન્સ જેવી વ્યવસ્થાઓ દ્વારા રોકાણકારો માટેની પ્રક્રિયાઓ વધુ સરળ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર નવી નીતિનો મુખ્ય હેતુ 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત-૨૦૪૭'ના લક્ષ્યને સાકાર કરવાનો છે. વેલ્યુ એડિશન, એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ અને ગ્લોબલ વેલ્યુ ચેઈન સાથે રાજ્યનું જાડાણ વધુ મજબૂત બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. રાજ્યમાં નવા ઔદ્યોગિક પાર્ક અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવામાં આવશે. સાથે જ જીઆઈડીસી એસ્ટેટ્સના પુનર્જીવન અને લોજિસ્ટીક્સ નેટવર્કને વધુ મજબૂત બનાવવાની યોજના પણ અમલમાં મૂકવામાં આવશે. ઉદ્યોગોને માર્ગદર્શન અને સહાય પૂરી પાડવા માટે ઉદ્યોગ સહાય કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે, જેના દ્વારા રોકાણકારો, ઉદ્યોગો અને સરકાર વચ્ચે વધુ સરળ સંકલન સુનિશ્ચિત કરવામાં આવશે. સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપીને નવીનતા આધારિત વિકાસને વેગ આપવામાં આવશે તેમજ ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સહયોગ વધારવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.



# રાજકોટના પૂર્વ મેયર 'જનક રાજા'ની ચીર વિદાય

## ૭ વખત કોર્પોરેટર અને મેયર બનવા છતાં સાદાઈ ને સેવાની સુવાસ અકબંધ

રાજકોટ, તા.૧૫

રાજકોટના પૂર્વ મેયર અને લોકહૃદયમાં 'રાજા'ના હુલામણા નામથી જાણીતા જનક કોટકનું આજે ૮૦ વર્ષની વયે નિધન થતાં જનસંઘથી લઈને ભાજપના કાર્યકર્તાઓ અને સમગ્ર શહેરમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે. સત્તાના સર્વોચ્ચ શિખરો સર કરવા છતાં સાદગીપૂર્ણ જીવન અને જમીન સાથે જોડાયેલા રહેલા આ લોકનેતાની વિદાયથી રાજકોટે એક સાચો જનસેવક ગુમાવ્યો છે. રંગીલા શહેરમાં સતત ૭ વખત કોર્પોરેટર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, ડેપ્યુટી મેયર અને છેલ્લે મેયર તરીકેનું સર્વોચ્ચ પદ શોભાવ્યું હોવા છતાં, જનકભાઈનો પહેરવેશ હંમેશા સફેદ ઝભ્ભો-લેંઘો અને પગમાં સ્લીપર જ રહ્યો. મેયર પદે હોવા છતાં તેઓ સામાન્ય માણસની જેમ સ્કૂટર પર જ મુસાફરી કરતા હતા. સાદાઈની સાથે તેઓ ઉમદા વિચારો પણ ધરાવતા હતા; તેમના ડ્રાઈવિંગ લાયસન્સ સાથે અંગદાનનો





સંકલ્પ લેવડાવવાની તેમની પહેલ આજે પણ લોકો આદરપૂર્વક યાદ કરે છે.

જનક રાજા માત્ર રાજકારણમાં જ નહીં, પરંતુ સાંસ્કૃતિક અને સામાજિક ક્ષેત્રે પણ મોટું યોગદાન આપી ગયા છે. જેસલ પ્લોટની ગરબીમાં છેલ્લા ૫૦ વર્ષથી દામોદર હનુમાનજી મંદિર પાસે તેઓ પ્રાચીન ગરબીનું આયોજન કરાવતા હતા. ગરબીમાં આવતી દરેક દીકરી પોતાના ઘરે સુરક્ષિત ન પહોંચે ત્યાં સુધી તેઓ જાતે ધ્યાન રાખીને તેમની સુરક્ષાની ચિંતા કરતા હતા. અહીંનો ગોફ ગૂંથણી નૃત્ય પ્રકારનો અઠંગો રાસ સમગ્ર પંથકમાં પ્રખ્યાત હતો. જેમાં ખેલૈયાઓ મધ્યસ્થ સ્તંભ સાથે દોરડાં બાંધી, હાથમાં દોરી પકડીને તાલબદ્ધ રીતે ગૂંથણી કરી અદભુત દ્રશ્યો સર્જતા હતા.

જનકભાઈ કોટકનો જન્મ ૬ જૂન, ૧૯૪૭ના રોજ મોરારજીભાઈ અને કંકુબહેન કોટકને ત્યાં થયો હતો.૧૯૬૨માં વિદ્યાર્થી કાળથી જ જનસંઘમાં જોડાયા. ૧૯૬૫માં ચીન-પાકિસ્તાન સાથેની લડાઈ વખતે પણ તેમણે સક્રિય કામગીરી બજાવી હતી. ૧૯૭૧માં વોર્ડ નં. ૧૬ના પ્રમુખ બન્યા. ૧૯૭૩માં તેઓ ચૂંટણી જીતીને કોર્પોરેશનમાં પ્રવેશ્યા હતા. કોર્પોરેશનમાં પક્ષના નેતા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, ડેપ્યુટી મેયર અને મેયર એમ ચારેય મહત્વના હોદ્દાઓ પર રહેનાર તેઓ એકમાત્ર કોર્પોરેટર હતા. મેયર તરીકેના કાર્યકાળ દરમિયાન ગરીબ દર્દીઓને બીપીએલ કાર્ડ, જીવદયા માટે ચકલીના માળાનું વિતરણ જેવા લોકાભિમુખ કાર્યો કર્યા. વ્યક્તિની લાઇન કરતા તેમણે હંમેશા પાર્ટીની લાઇનને મોટી ગણી હતી અને અનેક પડકારો વચ્ચે નિષ્કલંક રીતે મેયરપદ પૂર્ણ કર્યું હતું. ચિમનભાઈ શુક્લ પછી લોકકાર્યો માટે સૌથી વધુ સમય જેલવાસ ભોગવનાર નેતાઓમાં તેમનું નામ અગ્રિમ છે. તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અટલબિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી અને અમિત શાહ સહિતના ટોચના રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરના આગેવાનો સાથે નિકટનો નાતો ધરાવતા હતા. આજે સદગતની તેમના નિવાસસ્થાનેથી નીકળેલી અંતિમ યાત્રામાં સેંકડો ડાઘુઓએ જોડાઈને ભીની આંખે શ્રધ્ધાંજલી આપી હતી. શહેર ભાજપ પ્રમુખ માધવ દવે અને મનપાના વર્તમાન મેયર ડો. નેહલ શુક્લ સહિતના આગેવાનોએ તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી છે. નાના કાર્યકરોથી લઈને વરિષ્ઠ નેતાઓ સાથેના તેમના મિલનસાર સ્વભાવને કારણે તેઓ સૌ માટે ''સ્વર્ગસ્થ'' કરતાં ''હૃદયસ્થ'' વધુ બની રહેશે.

# મોદી સ્કુલના તેજસ્વી છાત્રોએ ભાવી વિદ્યાર્થીઓને આપ્યા સફળતાના મંત્રો



અચીવર્સ ટોક સોના માધ્યમથી આપી માહિતી

રાજકો, તા.૧૫

વર્ષ ૨૦૨૬માં CBSE બોર્ડ કે ગુજરાત બોર્ડ, ગુજકેટ તથા JEE (Mains + Advanced) માં મોદી સ્કૂલના પરિણામો સમગ્ર સૌરાષ્ટ્રમાં ટોચ પર રહીયાં છે. જયાં, JEE Mains માં ૯૯ PR કે તેથી વધુ ૭૪ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવી સમગ્ર ગુજરાતમાં શાળા મોખરે રહી છે. આ ઉપરાંત, JEE Advanced માં અંઈછ - ૧૩૫ (EWS Rank-10) સાથે જાડેજા મોક્ષરાજસિંહ ટોચ પર રહયાં છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં ટોચ પર રહ્યા છે. આ ઉપરાંત અજુડીયા આયુષ AIR-451, સરધારા જય AIR-૬૦૪ (EWS Rank-58), રૈયાણી ભવ્ય AIR-638 (EWS Rank-63) મેળવી શાળા તેમજ રાજકોટ જીલ્લાનું ગૌરવ વધાર્યું છે.

JEE (Mains+Advanced-2026)ના તેજસ્વી તારલાઓનો ""Achiever's Talk Show"" નું આયોજન તાજેતરમાં હેમુગઢવી હોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં આ તેજસ્વી તારલાંઓએ પોતાનાં બે વર્ષ દરમ્યાન કયાં પ્રકારની મહેનત તથા આયોજન થકી પોતે આ શ્રેષ્ઠ પરિણામ સુધી પહોંચી શકયા તે બાબતની ચર્ચા હાલમાં અભ્યાસ કરતાં ધોરણ ૧૧ તથા ધોરણ ૧૨ સાયન્સના ૧૦૦૦ થી વધુ વિદ્યાર્થી ઓ સાથે કરી હતી. દરેક વિદ્યાર્થીએ વિસ્તૃત પૂર્વક દરેક વિષયની પોતાની કરેલ મહેનત બાબતે, બે વર્ષ દરમ્યાન કરેલી ભૂલો અને આ વર્ષો દરમ્યાન શાળા દ્વારા અપાયેલા નિયમિત Day to Day Work, continuous follow up અને કાઉન્સેલિંગ થકી મેળવેલા ઉત્કૃષ્ટ પરિણામ વિશે ચર્ચા કરી હતી.

આ ""Achiever's Talk Show"" માં ઈશ્વરીયા બોર્ડીંગ સ્કૂલના સાધરીયા સુજલ જેમણે JEE Mains માં ૯૯.૯૬ PR અને JEE Advanced માં AIR- ૧૪૯૫ મેળવેલ છે. તેઓએ પોતાની સફળતા માટે ઈશ્વરીયા બોર્ડીંગ સ્કૂલ ખાતે મોબાઇલ તેમજ અન્ય સોશિયલ મિડીયાના દૂષણથી દૂર રહીને કરેલા અભ્યાસ કાર્યને પોતાની સફળતાની ચાવી બતાવી છે. JEE Mains માં પણ ફોકસ રાખીને JEE Advanced નું પણ આટલું સારૂ પરિણામ મેળવી શકાય છે, તે સાબિત કર્યું છે. આ ઉપરાંત ઈશ્વરીયા બોર્ડીંગ સ્કૂલમાં અભ્યાસ કરતાં લાડાણી અંશ એ જણાવ્યું કે ઈશ્વરીયા બોર્ડીંગ સ્કૂલ ખાતે સૌરાષ્ટ્ર તથા ગુજરાતના સક્ષમ વિદ્યાર્થીઓ વચ્ચે હરિફાઇનું તત્વ આવા શ્રેષ્ઠ પરિણામ માટે મજબૂત પાયો પુરો પાડે છે.

આ પ્રસંગે ખાસ મોદી સ્કૂલના સંસ્થાપક આર.પી.મોદીએ આ સફળતા અંગે જણાવ્યું કે અમો ૩૮ વર્ષથી સૌરાષ્ટ્રનાં વિદ્યાર્થીઓની શિક્ષણ પધ્ધતિ, ઘરનાં વાતાવરણ તથા તેઓનાં એજ્યુકેશન કલ્ચર ને સમજીએ છીએ. જેના કારણે શ્રેષ્ઠ પરિણામો શક્ય બને છે. મોદી સ્કૂલનાં શ્રેષ્ઠ પરિણામ બદલ સ્કૂલનાં સંસ્થાપક ડો. મોદી, પારસભાઈ, હિતભાઈ, ધવલભાઈ એમ બધા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે તથા સારી કારકિર્દી બનાવીને સ્કૂલ તેમજ માતા-પિતાનું ગૌરવ વધારે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# લોકમેળાના સુચારું આયોજન માટે વિશેષ અધિકારીઓની ફોજ

રાજકોટ, તા. ૧૫

લોકમેળાને લઈને તંત્ર અત્યારથી જ હરકતમાં આવી ગયું છે ત્યારે કલેકટર વિભાગ તથા લોકમેળા સમિતિ દ્વારા દર વખતની જેમ આ વખતે પણ રેસકોર્સમાં જ મેળો યોજવાનું નક્કી કરાયું છે. અગાઉ અટલ સરોવર નજીક લોકમેળાનું આયોજન હાથ ધરવામાં આવે તેવી વાત પ્રસરી હતી પરંતુ મોટી વાત એ સામે આવી છે કે કલેક્ટર વિભાગ દ્વારા જે ગ્રાન્ટ સરકાર પાસેથી માંગવામાં આવી તે ન મળતા હાલ આયોજન મુલતવી રાખવામાં આવ્યું છે અને દર વખતની જેમ રેસકોર્સમાં જ લોકમેળો યોજવાનું નક્કી કરાયું છે. ત્યારે આયોજનમાં કોઈ પણ પ્રકારનો પ્રશ્ન કે તકલીફ ઊભી ન થાય તે હેતુસર હાલ સમિતિની રચના પણ કરી દેવામાં આવી છે. રાજકોટ કલેકટર તંત્ર અને લોકમેળા સમિતી દ્વારા શહેરના રેસકોર્સ ગ્રાઉન્ડમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ શહેરના રેસકોર્સ ગ્રાઉન્ડમાં જન્માષ્ટમીના તહેવારો પર આયોજીત કરાયેલા લોકમેળા અંગે તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. કલેકટર ડો. ઓમપ્રકાશ દ્વારા આ ભાતીગળ લોકમેળા માટે નાયબ મામલતદાર એક અને બે મહેસુલી તલાટીનું કાસ મહેકમ ફાળવી આ કર્મચારીઓને વિશેષ જવાબદારી સોંપી દેવામાં આવી છે. લોકમેળા માટે વિવિધ ટેન્ડરોની પ્રક્રિયા અને ફોર્મ વિતરણની કામગીરી પણ આગામી ટુંક સમયમાં જ શરૂ કરી દેવામાં આવનાર છે. લોકમેળા માટે જે ત્રણ કર્મચારીઓને જવાબદારી સોપવામાં આવી છે. તેઓને



નાયબ મામલતદાર અને બે મહેસુલી તલાટીને સોંપાઈ જવાબદારી : આગામી દિવસોમાં ટેન્ડર સહિતની વિવિધ કામગીરીઓ હાથ ધરાશે

પ્રાંત-૧ કચેરી ખાતે હાજર થવા ફરમાન કરી દેવામાં આવનાર છે.

ગત વખતે ઘણા ખરા પ્રશ્નો લોકમેળામાં રાઇડ્સ બાબતે ઊભા થયા હતા ત્યારે આ વખતે કયા પ્રકારનું આયોજન કરવામાં આવશે તે હવે જોવાનું રહ્યું પરંતુ એ વાત તો સ્પષ્ટ છે કે હાલ રાજકોટની રંગીલી જનતા ખાસ આપ્યો હાર ને મનાવવા અંગેની રહી છે ત્યારે તેઓને કોઈ પણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે તે વાતની તમામ ગંભીરતાઓને ધ્યાને રાખવામાં આવશે.

# હક માટે સજાગ, ફરજ માટે ઉદાસીન! સૌરાષ્ટ્રનો સળગતો સર્વે

## નાગરિક ફરજમાં 'સૌરાષ્ટ્રી શિસ્ત' ક્યાં ખોવાઈ? સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના સર્વેમાં ચોંકાવનારો ખુલાસો

રાજકોટ, તા.૧૫

કોઈપણ લોકશાહી સમાજની પ્રગતિનો આધાર તેના નાગરિકોના બે મુખ્ય પાસાં પર રહેલો છેઃ હક અને ફરજ સૌરાષ્ટ્ર પ્રદેશ સાંસ્કૃતિક રીતે અત્યંત સમૃદ્ધ, અતિથિપ્રિય અને જીવદયા પ્રેમી તરીકે વૈશ્વિક સ્તરે જાણીતો છે. પરંતુ આધુનિકીકરણ અને શહેરીકરણના યુગમાં નાગરિકોની માનસિકતામાં એક મોટો વિરોધાભાસ જોવા મળ્યો છે.

પ્રોફેસર યોગેશ જોગસણ અને ડો. ધારા દોશીના સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના માર્ગદર્શન હેઠળ ડો. જીજ્ઞા વરુ, ડો. હર્ષા ગોંડલીયા તેમજ ડો. ભારતી મોરે દ્વારા કરાયેલા સર્વેક્ષણના તારણો રોચક છે, સૌરાષ્ટ્રના લોકો પોતાના હકો માટે જેટલા સજાગ, સક્રિય અને ક્યારેક આક્રમક બને છે, તેનાથી તદ્દન વિપરીત તેઓ પોતાની નૈતિક અને કાયદાકીય ફરજો પ્રત્યે ઘોર ઉદાસીનતા દાખવે છે. રસ્તા પર થતા અકસ્માતો, જાહેર સ્થળો પર ગંદકી, ડિજિટલ અફવાઓ અને સામાજિક અશિસ્ત પાછળ આ બદલાતી માનસિકતા જવાબદાર છે. પ્રસ્તુત દસ્તાવેજ આ વાસ્તવિકતાને ૨૪ મુખ્ય પ્રશ્નોના વૈજ્ઞાનિક ડેટા દ્વારા ઉજાગર કરે છે.

જ્યારે પણ સાર્વજનિક સ્થળે રાષ્ટ્રગીત વાગે છે, ત્યારે શું તમે સન્માનપૂર્વક સાવધાન સ્થિતિમાં ઊભા રહો છો? જેમાં હાઃ ૬૨% નાઃ ૫% પરિસ્થિતિ પર આધાર રાખે છેઃ 33% લોકોએ જણાવ્યું શું તમે રાષ્ટ્રધ્વજ (ત્રિરંગા)ના ઉપયોગ અને તેના નિકાલ અંગેના સરકારી નિયમો (Flag Code) થી પરિચિત છો? જેમાં હા, સંપૂર્ણ માહિતી છેઃ ૨૨%, થોડી માહિતી છેઃ 33% માહિતી નથીઃ ૪૫% એ જણાવ્યું દેશના સાર્વભૌમત્વ અને રક્ષણની વાત આવે ત્યારે, શું તમે કોઈપણ જ્ઞાતિ, ધર્મ કે પક્ષપાત વગર દેશહિતને સર્વોપરી માનો છો? જેમાં હાઃ ૬૪%, નાઃ ૧૨% અને



કહી શકાય નહીંઃ ૨૪% એ કહ્યું શું તમે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસ અને ક્રાંતિકારીઓના બલિદાનો વિશે નવી પેઢી (બાળકો)ને માહિતગાર કરો છો? જેમાં હા, નિયમિતઃ ૨૫% ક્યારેકઃ ૩૭% અને નાઃ ૩૮% એ કહ્યું તહેવારો અથવા પ્રસંગો દરમિયાન શું તમે એ વાતનું ધ્યાન રાખો છો કે તમારા લાઉડસ્પીકર કે ફટાકડાના અવાજથી આસપાસના વડીલો, દર્દીઓ કે વિદ્યાર્થીઓને તકલીફ ન પડે? જેમાં હંમેશા ધ્યાન રાખું છુંઃ ૨૪%, ક્યારેક ધ્યાન રહે છેઃ ૨૮%, વિચાર્યું નથીઃ ૪૮% લોકોએ કહ્યુ સમાજમાં સ્ત્રીઓ પ્રત્યે માન-સન્માન જળવાય અને તેમના ગૌરવને ઠેસ પહોંચાડતી કુપ્રથાઓ (જેમ કે દહેજ પ્રથા કે ઘૂમટો) અટકે, તે માટે તમે કેટલા સક્રિય છો? ખૂબ સક્રિયઃ ૨૦%, સામાન્ય સક્રિયઃ ૨૨%, માત્ર નૈતિક સમર્થનઃ ૫૮% સૌરાષ્ટ્રના ઐતિહાસિક સ્મારકો (જેમ કે કિલ્લાઓ, વાવ, જૂના મહેલો) ની મુલાકાત વખતે શું તમે ત્યાં કચરો ન ફેંકવાની કે દીવાલો પર નામ ન લખવાની ફરજ નિભાવો છો? હા, હું ક્યારેય નુકસાન નથી કરતોઃ ૩૨%, ક્યારેક ભૂલ થઈ જાય છેઃ ૨૬%, ધ્યાન નથી આપ્યુંઃ ૪૨% એ જણાવ્યુ હતું.શું તમે અન્ય ધર્મ, જ્ઞાતિ કે પ્રદેશના લોકો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વગર સમાન ભાઈચારાની ભાવના રાખો છો? હા, સંપૂર્ણપણેઃ ૩૬%, પ્રયત્ન કરું છુંઃ ૨૪%, નાઃ ૪0% એ કહ્યું

પાણીનો બગાડ અટકાવવા અને વૃક્ષોના જતન માટે તમે વ્યક્તિગત સ્તરે કેવા પ્રયત્નો કરો છો? જેમાં નિયમિત પાણી બચાવું છું અને વૃક્ષારોપણ કરું છુંઃ ૨૮%, પૂરતો પ્રયત્ન કરું છુંઃ ૨૦% ખાસ કંઈ નહીંઃ ૫૨% શું તમે ઘરનો ભીનો અને સૂકો કચરો અલગ રાખીને જ કચરાગાડીમાં આપો છો, કે ગમે ત્યાં જાહેરમાં ફેંકવાનું ટાળો છો? જેમાં હા, નિયમ પ્રમાણે જઃ ૩૫%, ક્યારેક ગમે ત્યાં નંખાઈ જાય છેઃ ૨૪% નાઃ ૪૧% એ કહ્યું ઉનાળાની ઋતુમાં પક્ષીઓ માટે ચણ અને પાણીના કુંડા મૂકવા જેવી જીવદયાની પ્રવૃત્તિમાં તમે ભાગ લો છો? હા, દર વર્ષેઃ ૫૮%, ઈચ્છા છે પણ અનુકૂળતા નથી થતીઃ ૨૪%, નાઃ ૧૮% કહ્યું પ્લાસ્ટિકની બેગ કે સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા માટે તમે કેટલા જાગૃત છો? જેમાં બજારમાં હંમેશા કાપડની થેલી લઈને જાઉં છુંઃ ૨૧%, ક્યારેક પ્લાસ્ટિક વાપરવું પડે છેઃ 33%, જાગૃતિ નથીઃ ૪૬% વાહન પાર્ક કરતી વખતે શું તમે એ બાબતની ખાતરી કરો છો કે તમારા વાહનને કારણે અન્ય કોઈનો રસ્તો, દુકાન કે ઘરનો ગેટ બ્લોક ન થાય? જેમાં હંમેશા ખાતરી કરું છુંઃ ૨૬%, ઉતાવળમાં ક્યારેક ધ્યાન નથી રહેતુંઃ ૨૫%, જ્યાં જગ્યા મળે ત્યાં પાર્ક કરું છુંઃ ૪૯% કહ્યુંરસ્તા પર એમ્બ્યુલન્સ અથવા ફાયર બ્રિગેડ જેવા તાત્કાલિક સેવાના વાહનોને જગ્યા આપવા માટે શું તમે તમારું વાહન બાજુ પર લઈ લો છો? જેમાં હા, પહેલી અગ્રતા આપું છુંઃ ૫૨%,જો ટ્રાફિક અનુકૂળ હોય તોઃ 33%, નાઃ ૧૫% એ કહ્યું પાન-માવા કે ગુટખા ખાધા પછી જાહેર રસ્તાઓ, ફૂટપાથ કે સરકારી કચેરીઓની દીવાલો પર ન થૂંકવાના નિયમનું તમે કેટલું પાલન કરો છો? જેમાં ૧૦૦% પાલન કરું છુંઃ ૧૮%, ક્યારેક ભૂલ થાય છેઃ ૨૬%, લાગુ પડતું નથી (અથવા પાલન નથી કરતા)ઃ ૫૬% એ જણાવ્યુંટ્રાફિક સિગ્નલ પર પોલીસ ન હોય તો પણ શું તમે નિયમ સમજીને ઊભા રહો છો કે સિગ્નલ તોડીને નીકળી જાઓ છો? જેમાં હંમેશા નિયમ પાળું છુંઃ ૨૫%, જો રસ્તો ખાલી હોય તો નીકળી જાઉં છુંઃ ૨૭%, ના, નિયમ નથી પાળતોઃ ૪૮% એ કહ્યું હતું.

સોશિયલ મીડિયા (WhatsApp, Facebook વગેરે) પર આવતા ધાર્મિક, જ્ઞાતિવાદી કે ઉત્તેજના ફેલાવતા મેસેજને આગળ ફોરવર્ડ કરતા પહેલાં શું તમે તેની સત્યતા તપાસો છો? જેમાં હા, સંપૂર્ણ તપાસ બાદ જઃ ૧૫%, ના, સીધું ફોરવર્ડ કરું છુંઃ ૫૭%, ક્યારેક જ તપાસું છુંઃ ૨૮% એ કહ્યુંશું તમે અંધશ્રદ્ધા, વહેમ કે કુરિવાજો છોડીને સમાજમાં વૈજ્ઞાનિક અને પ્રગતિશીલ વિચારો અપનાવવામાં માનો છો? હાઃ ૩૮%, નાઃ ૪૪%, મિશ્ર અભિગમ છેઃ ૧૮% સોશિયલ મીડિયા પર કોઈ વ્યક્તિ કે સંસ્થા પ્રત્યે ટ્રોલિંગ (નકારાત્મક કમેન્ટ્સ) કે અપશબ્દોનો ઉપયોગ ન કરવાની ડિજિટલ શિસ્ત તમે જાળવો છો? હા, સભ્યતા જાળવું છુંઃ ૪૨%, ક્યારેક ગુસ્સામાં થઈ જાય છેઃ ૨૨%, ધ્યાન નથી આપતોઃ ૩૬% એ કહ્યુંદ થી ૧૪ વર્ષના બાળકોને શિક્ષણ આપવું એ વાલીની ફરજ છે. તમારી આસપાસ કોઈ બાળક મજૂરી કરતું કે ભિક્ષાવૃત્તિ કરતું દેખાય, તો શું તમે તેને શાળાએ મોકલવા કોઈ પ્રયત્ન કે મદદ કરો છો?, હા, પ્રયત્ન કરું છુંઃ ૧૨%, ઈચ્છા છે પણ તક નથી મળીઃ 33%, નાઃ ૫૫% એ કહ્યું

સરકારી બસ, ટ્રેન, બગીચા કે સરકારી ઓફિસો જેવી જાહેર મિલકતોને નુકસાન ન પહોંચાડવું એ આપણી જ મિલકત છે, એવું તમે માનો છો? હા, તેનું રક્ષણ કરવું એ આપણી ફરજ છેઃ ૪૧%, ક્યારેક લોકો નુકસાન કરે ત્યારે દુઃખ થાય છેઃ ૨૪%, ક્યારેય વિચાર્યું નથીઃ ૩૫%. જાહેર સ્થળોએ (જેમ કે લિફ્ટ, હોસ્પિટલ કે કતારમાં) મોટે-મોટેથી ફોન પર વાતો કરીને અન્ય લોકોને પરેશાન ન કરવાની કાળજી તમે રાખો છો? હા, હંમેશા ધીમેથી બોલું છુંઃ ૩0%, ક્યારેક ધ્યાન બહાર રહી જાય છેઃ ૨૮% નાઃ ૪૨% એ કહ્યું તમારા વિસ્તારમાં થતી ઝાર્વજનિક પ્રવૃત્તિઓ (જેમ કે રક્તદાન કેમ્પ, આપત્તિ વ્યવસ્થાપન કે સ્વચ્છતા અભિયાન) માં તમે કેટલો રસ લો છો? નિયમિત ભાગ લઉં છુંઃ ૨૨%, ક્યારેક જ જાઉં છુંઃ ૩૨%, સમય નથી મળતોઃ ૪૬% પોતાના ક્ષેત્રમાં (નોકરી, ધંધો કે અભ્યાસ) પ્રામાણિકતા અને ઉત્કૃષ્ટતાથી કામ કરવું એ પણ દેશની પ્રગતિમાં ભાગીદારી છે, શું તમે આ વાત સાથે સંમત છો? સંપૂર્ણ સંમતઃ ૪૮%, અંશતઃ સંમતઃ ૨૦%, અસંમતઃ ૩૨% એ કહ્યું

### લિંગ આધારિત મુખ્ય તારણો

પુરુષોની માનસિકતામાં પુરુષો બહારની દુનિયા, ડ્રાઈવિંગ, રક્તદાન અને રાષ્ટ્રીય સુરક્ષા જેવા મુદ્દાઓ પર વધુ જાગૃત છે. પરંતુ, ટ્રાફિક સિગ્નલ તોડવા, ગમે ત્યાં વાહન પાર્ક કરવું, પાન-માવાની પિચકારી મારવી અને જાહેર સ્થળોએ ઘોંઘાટ કરવો – આ તમામ નકારાત્મક બાબતોમાં પુરુષોની ઉદાસીનતા સ્ત્રીઓ કરતાં ઘણી વધારે છે. સ્ત્રીઓની માનસિકતામાં સ્ત્રીઓ પર્યાવરણ (પાણી/પ્લાસ્ટિક), સ્વચ્છતા (કચરો અલગ કરવો), જીવદયા (પક્ષીના કુંડા), અને સામાજિક શિસ્તમાં પુરુષો કરતાં ઘણી આગળ છે. સ્ત્રીઓ કાયદાના ડર વગર પણ નૈતિક રીતે ફરજો વધુ સારી રીતે નિભાવે છે. જોકે, અંધશ્રદ્ધા અને કાયદાકીય જ્ઞાન (જેમ કે ફ્લેગ કોડ) ના મામલે તેઓ પુરુષો કરતાં થોડી પાછળ છે.

### પ્રો. યોગેશ જોગસણનું મંતવ્ય

''આપણે એક એવા સમાજ તરફ જઈ રહ્યા છીએ જ્યાં 'વ્યક્તિગત અહમ' વધી રહ્યો છે અને 'સામૂહિક ચેતના' ઘટી રહી છે. સૌરાષ્ટ્રનો નાગરિક જ્યારે કોઈ હોસ્પિટલ કે સરકારી કચેરીની બહાર ઊભો હોય, ત્યારે તે પોતાના હકો (ઝડપી કામ, સારી સુવિધા) માટે લડવા તૈયાર થઈ જાય છે. પરંતુ અંદર જઈને પાનની પિચકારી મારતી વખતે તેની નૈતિક ફરજનો આત્મા સુષુપ્ત અવસ્થામાં વચો જાય છે. આને મનોવિજ્ઞાનમાં જવાબદારીનું વિભાજન કહેવાય છે.'' જ્યારે ડો. ધારા દોશીનું મંતવ્ય જોઈએ તો ''આપણા નાગરિકોમાં 'બાહ્ય નિયંત્રણ' ની માનસિકતા પ્રબળ છે. જ્યાં સીસીટીવી કે ટ્રાફિક પોલીસ હોય ત્યાં જ નિયમો પાળવા, તે સાબિત કરે છે કે ભય વગર શિસ્ત આવતી નથી. યુવા પેઢીમાં જોવા મળતો 'ડિજિટલ આવેગ' સામાજિક વાતાવરણને દૂષિત કરી રહ્યો છે. ઉકેલ માત્ર કાયદા સખત કરવાથી નહીં આવે, પરંતુ બાળપણથી જ શાળાઓ અને પરિવારોમાં 'નાગરિક સેન્સ' નું મનોવૈજ્ઞાનિક સિંચન કરવાથી આવશે.''

## વિકાસના કામોમાં નહીં ચાલે લાલિયાવાડી

# મનપાના ક્યાં - ક્યાં કામો સ્થગિત



રાજકોટ, તા. ૧૫

મહાનગરપાલિકાના નવનિયુક્ત મેયર દ્વારા આવતાની સાથે જ ગત સ્ટેન્ડિંગમાં મંજુર થયેલા એ તમામ ૯૮ કામો કે જેની પ્રગતિ ૨૦ ટકા કે તેનાથી ઓછી છે તે તમામને હાલ સ્થગિત કરી દેવાયા છે. હાલ ક્યાંક ને ક્યાંક આ કામો ના અભ્યાસ બાદ ફરી વખત નિર્ણય લેવામાં આવશે અને તે પછી કામોને શરૂ કરાશે તેવું હાલ જાણવા મળ્યું છે. ક્યા કારણોસર પદાધિકારીઓ દ્વારા આ કામોને અટકાવી દેવામાં આવ્યા છે તેની કોઈ સ્પષ્ટતા થઈ નથી પરંતુ રાજકીય વર્તુળોમાં હાલ જે ચર્ચાએ જોર પકડ્યું છે તેને ધ્યાને લેતા એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે અત્યારે હાલના નવનિયુક્ત પદાધિકારીઓએ તમામ કામો પર હાલ અભ્યાસ કરી રહ્યા છે કે જેમાં વહીવટ થયાની ચર્ચા જાગી હોય. પદાધિકારીઓ દ્વારા હજુ એ ૯૮ કામો ક્યાં છે તેની કોઈ સ્પષ્ટતા કરી નથી. મહાનરપાલિકામાં સત્તા રૂઢ થતાંજ મેયરે શંકાસ્પદ પ્રોજેક્ટો નો અભ્યાસ કરી બજેટમાં હેડ થયેલા અને ગત વર્ષમાં સ્ટેન્ડિંગમાં મંજૂર થયેલા જે અમુક ચાલુ થયા છે અને ૨૦ ટકા કામ થયું હોય તેવા પૂર્વ શાસકોએ મંજૂર કરેલા ૮૪૬ કરોડના પ્રોજેક્ટો સ્થગિત કરી દીધા છે. મેયર નેહલ શુકલે ૮૪૬ કરોડના ૯૮ મોટા પ્રોજેક્ટ સ્થગિત કર્યા છે જેમાં મુખ્યત્વે સરકારની અમૃત યોજના તથા સ્વર્ણિમ યોજના અને મનપાના ચાલુ વર્ષના બજેટમાં નાણાની જોગવાઈ કરવામાં આવી હોય તેવા પ્રોજેક્ટો નો સમાવેશ થાય છે. મેયરે બુદ્ધિપૂર્વક આ કામ એજ એજન્સીને ફરીવાર ન મળે અને અગાઉ ઓન થી અપાયેલ કામ હવે નીચા ભાવથી આવે તે માટે તમામ પ્રોજેક્ટની દરખાસ્ત કમિશનરે ફરી વખત સ્ટેન્ડીંગમાં મંજૂર કરાવવી પડશે તેમ જણાવ્યું છે.

મનપાના મેયર નેહલ શુકલે ચાર્જ સંભાળ્યાના એક પખવાડિયામાં અતિ મહત્વનો નિર્ણય લઈ સૌને ચોંકાવી દીધા છે. ગત શાસકોએ મંજૂર કરેલા રુ.૮૪૬ કરોડના ૯૮ પ્રોજેક્ટો સ્થગિત કરવામાં આવ્યા છે.પરંતુ આ બધી જાણકારી મેયરને કેવી રીતે મળી એ વિશે તપાસ કરતા માલૂમ પડ્યું છે કે અઢી વર્ષ સુધી સ્ટેન્ડિંગ સભ્ય હતા ત્યારે ૩૦ ટકા થી વધુ ઓન થી કામ આપી અનેક દરખાસ્તો મંજૂર કરવામાં આવી હતી જે પૈકી અનેક દરખાસ્તોનો વિરોધ કર્યો હતો પરંતુ તેમની પાસે સત્તા ન હોવાથી કોઈએ દાદ ન દેતા એ સમયમાં મંજૂર થયેલા તમામ પ્રોજેક્ટની યાદી તૈયાર કરી મોક્કાની રાહ જોઇ રહ્યા હતા અને હવે સર્વોચ પદે બિરાજમાન થતા જ પૂર્વ શાસકોએ મંજૂર કરેલા શંકાસ્પદ પ્રોજેક્ટો નું લિસ્ટ બનાવી અધિકારીઓ સાથે ચર્ચા કરી મોટો ધડાકો કરી ભસ્તાચારીઓને ચોંકાવી દીધા છે.

મહાનગરપાલિકાના સંપર્ક સુત્રોના જણાવ્યા અનુસાર હાલ જે ૯૮ કામો સ્થગિત કરી દેવામાં આવ્યા છે તેમાંથી ૨૭ જેટલા અત્યંત મહત્વના કામો છે અને હાલ તે પ્રગતિ હેઠળ પણ છે ત્યારે આ કામોની જે યાદી તૈયાર કરવામાં આવી છે તેને લઈને ઘણા ખરા પ્રશ્નો ઉભા થયેલા છે કે શું આ કામોમાં એજન્સીને જે ટેન્ડર આપવામાં આવ્યું હોય તે યોગ્ય છે કે કેમ હાલ આ તમામ ૯૮ કામો પર અધ્યયન અને અવલોકન કરવામાં આવશે અને જરૂરી લાગશે તે પ્રોજેક્ટને ફરી વખત શરૂ કરાશે પરંતુ હાલ આ કામો આગળ નહીં વધે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

## પૂર્વ ચેરમેનના બણગા પોકળ સાબિત, રાંદરડા તળાવ બ્યુટીફિકેશન, કનક રોડ ફાયર સ્ટેશન નવનિર્માણ, આત્મીય યુનિવર્સિટી પાસે સ્કાય ઓવરબ્રિજ સહિતના કામો અવલોકન બાદ શરૂ કરવા કે કેમ તે અંગે લેવાશે નિર્ણય

### ૯૮ કામોમાંથી ૨૭ મેજર કામ કે જેના પર પદાધિકારીઓએ બ્રેક લગાવી

- રેસકોર્સ સંકુલ ખાતે આવેલા માધવરાય સિંધિય ક્રિકેટ ગ્રાઉન્ડમાં પેવેલિયન બનાવવાનું કામ
- વોર્ડ નંબર ૭માં સેન્ટ્રલ ઝોન કચેરી બિલ્ડિંગમાં કનક રોડ સાઈડનું ફાયર સ્ટેશન વાળું બિલ્ડીંગ દૂર કરી નવું બનાવવાનું કામ
- વોર્ડ ૧૪ માં આવેલી ડો. વિક્રમ સારાભાઈ પ્રાથમિક શાળાના જુના બાંધકામને ડિમોલિશ કરી આધુનિક મોડલ સ્કૂલ બનાવવાનું કામ.
- વોર્ડ નંબર ૪માં ટીપી સ્કીમ ૧૩ માં સ્પોર્ટ સંકુલ ડેવલોપ કરવાનું કામ
- વોર્ડ નંબર ૪માં નાકરાવાડી લેન્ડફિલ સાઈડ ખાતે ઈન્ટર્નલ મેટલ રોડ કરવાનું તથા પાછળની સાઈટ કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ
- વોર્ડ નંબર ૪માં લાલ પરી રાંદડા તળાવને બ્યુટીફિકેશન કરવાનું કામ
- વોર્ડ નંબર ૬માં ટીપી સ્કીમ નંબર સાતમાં નવી વોર્ડ ઓફિસ બનાવવાનું કામ
- વોર્ડ નંબર ૬માં કનકનગર શાકમાર્કેટને અધ્યતન શાક માર્કેટ બનાવવાનું કામ
- વોર્ડ ૧૫માં આજીડેમ ટ્રાફિક પોલીસ સ્ટેશન પાછળ ખુલ્લા પ્લોટ માં ફાયર સ્ટેશન બનાવવાનું કામ
- વોર્ડ ૧માં રૈયા ગામ થ સ્માર્ટ સિટી સુધીનો ડીપી રોડ ડેવલોપ કરવાનું કામ
- શહેરના કુવાડવા રોડ, ગોંડલ રોડ તથા જામનગર રોડ પર પ્રવેશ દ્વાર બનાવવાનું કામ
- વોર્ડ ૧માં સ્માર્ટ સિટી વિસ્તારમાં ટીપી સ્કીમ ૩૨ માં સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હેતુના અનામત પ્લોટમાં આનુધીન ફાયર સ્ટેશન, સ્વિમિંગ પૂલ તેમજ આઈસીસી બિલ્ડીંગ બનાવવાનું કામ.
- લક્ષ્મીનગર જીઈબી ઓફિસ સામે વેજીટેબલ માર્કેટ તથા શોપિંગ સેન્ટર બનાવવાનું કામ
- કાલાવડ રોડ આત્મીય યુનિવર્સિટી પાસે સ્કાય વોક ઓવરબ્રિજ બનાવવાનું કામ.
- રૈયા ટેલિફોન એક્સચેન્જ પર બ્રિજ બનાવવાનું કામ
- વોર્ડ ૧૦ મધ્યતન ફડ લેબોરેટરી બનવાનું કામ
- વોર્ડ નંબર ૧૧માં મોટા મોવા એનિમલ હોસ્ટેલનું બીજા ફેઝનું કામ
- કાલાવડ રોડ અવધ રોડ પાસે થીમ બેઝ ઓક્સિજન પાર્ક તથા મોડર્ન ફૂડ કોર્ટ બનાવવાનું કામ
- નાના માવા બ્રિજ નીચે ગેમ ઝોન સાથે કાફેટેરીયા
- પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપથી સ્પોર્ટ ફેસિલિટી વિકાસ
- વેસ્ટ ઝોનમાં નવું શોપિંગ સેન્ટર
- આજીડેમ એક ખાતે ૭૫ ળહ ડી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું કામ
- રાજકોટ શહેરના જુદા જુદા વિસ્તારોમાં વૃક્ષારોપણ કરી ત્રણ વર્ષ ઉછેર કરવાનું કામ
- શહેરમાં ગ્લો ગાર્ડન વિકસાવવાનું કામ
- નમોવનનું નિર્માણ
- કન્સ્ટ્રક્શન ઓફ વર્કિંગ વુમન હોસ્ટેલ એટ એબીડી એરીયા

**માધવરાય સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડમાં બનાવવાનું કામ સ્થગિત**

## મલેરિયાના કેસની એન્ટ્રી, ડેન્ગ્યુના કેસમાં રાહત

### મચ્છર ઉત્પત્તિ સ્થાનો પર નિયંત્રણ માટે ૫૮૭ મિલકત પર તપાસ

રાજકોટ, તા. ૧૫

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા મચ્છરજન્ય રોગો પર અંકુશ મેળવવા માટે સતત અને સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તા. ૮ જૂનથી ૧૪ જૂન ૨૦૨૬ દરમિયાન શહેરમાં મેલેરિયાના માત્ર ૧ કેસ નોંધાયા છે, જ્યારે ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના કોઈ કેસ નોંધાયા નથી. આ ઉનાળામાં પણ મચ્છરજન્ય રોગચાળો અટકયો નથી. આ અઠવાડિયા દરમિયાન ૨૩,૦૭૮ ઘરોમાં પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી છે તથા ફિલ્ડ વર્કર્સ દ્વારા ૧૩૭ ઘરોમાં ફોગીંગ કરવામાં આવ્યું છે.

મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વાહન માઉન્ટેડ ફોગીંગ મશીન દ્વારા પણ ફોગીંગ કરવામાં આવ્યું છે. સંવેદનશીલ સોસાયટીઓ, જાહેર રસ્તાઓ અને વધુ લોકો એકઠા થતા વિસ્તારોને આ કામગીરીમાં સામેલ કરવામાં આવ્યા છે.

મચ્છર ઉત્પત્તિ સ્થાનો પર નિયંત્રણ માટે ૫૮૭ પ્રીમાઈસીસ (બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, ઈન્ડસ્ટ્રીઝ, કોમ્પ્લેક્સ વગેરે)ની તપાસ કરવામાં આવી છે. જેમાં ૧૦૭ રહેણાંક અને ૩૭૧ કોમર્શિયલ આસામીઓને નોટિસ આપવામાં આવી છે. આ કામગીરી હેઠળ બાયલોઝ અંતર્ગત વહિવટી ચાર્જ વસૂલાતની પણ કાર્યવાહી કરવામાં આવી છે.

અન્ય રોગોમાં શરદી-ઉધરસના ૪૪૨, સામાન્ય તાવના ૫૩૯ અને ઝાડા-ઉલ્ટીના ૨૧૩ કેસ નોંધાયા છે. પાણીજન્ય રોગ અટકાયતી માટે ૨૦૫૬ ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે. આરોગ્ય અધિકારીઓએ લોકોને અપીલ કરી છે કે તેઓ પોતાના વિસ્તારને સ્વચ્છ રાખે અને મચ્છર ઉત્પત્તિ સ્થાનો વિશે તાત્કાલિક જાણ કરે.

## છેવાડા સુધી સ્વાસ્થ્ય સેવા પહોંચાડવાનો નિર્ધાર

### આયુષ્યમાન કાર્ડ બની સંકટ સમયની સાંકળઃ વર્ષ ૨૦૨૫-૨૬માં ૧.૩૫ લાખથી વધુ દર્દીઓએ લીધી કેશલેસ સારવાર

રાજકોટ, તા. ૧૫

આયુષ્માન કાર્ડ જરૂરિયાતમંદ પરિવારને અડધી રાત્રે કામ આવે એવી સોનાની લગડી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આ શબ્દોને સાર્થક કરતી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના આજે કરોડો ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે સંકટ સમયની સાથી સાબિત થઈ છે. 'સર્વે સંતુ નિરામયા'નાં મંત્ર સાથે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર નાગરિકોને આરોગ્યલક્ષી સુરક્ષા કવચ પૂરું પાડી રહી છે.

યોજનાના પ્રારંભિક કાળ એટલે કે વર્ષ ૨૦૧૮-૧૯માં રાજકોટ જિલ્લા અને શહેરમાં ૧,૯૦,૨૫૧ વ્યક્તિગત કાર્ડ ઈસ્યુ કરીને ૮૫૯ લોકોને અંદાજે રૂ.૧ કરોડ ૨૯ લાખની સારવારથી આ સેવાયજ્ઞની શરૂઆત થઈ હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૯-૨૦માં આ આંકડો વધીને ૭,૬૩૭ દર્દીઓ અને રૂ.૧૨ કરોડ ૮૦ લાખથી વધુ થયો હતો. વર્ષ ૨૦૨૦-૨૧માં વધુ ૨૫,૦૯૦ નાગરિકોને રૂ.૫૪.૦૨ કરોડથી વધુની નિઃશુલ્ક સારવાર થકી આ યોજનાએ અનેક પરિવારનો ભાર




હળવો કર્યો હતો. કોરોના મહામારીના કપરા સમયમાં પણ સરકારે અડીખમ રહીને નાગરિકોની સેવા કરી હતી. વર્ષ ૨૦૨૧-૨૨માં ૩,૪૮,૭૯૬ નવા વ્યક્તિગત આયુષ્માન કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા હતા, અને ૪૪,૬૪૮ દર્દીઓની વહારે આવીને રૂ.૧૨૫.૦૭ કરોડથી વધુનો ખર્ચે તમામને સારવાર આપવામાં આવી. હતી.

સમય વહેતો ગયો તેમ આ યોજના વધુ વ્યાપક બનતી ગઈ. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં ૪,૨૨,૯૨૯ કાર્ડ ઈસ્યુ કરીને ૬૯,૨૫૨ દર્દીઓને રૂ.૨૦૧.૩૨ કરોડથી વધુની કેશલેસ સારવાર પૂરી પાડવામાં આવી હતી. આ સિદ્ધિ આગળ ધપાવતા વર્ષ ૨૦૨૩-૨૪માં ૮૩,૪૮૯ દર્દીઓને રૂ.૨૫૦.૮૩ કરોડ અને વર્ષ ૨૦૨૪-૨૫માં ૨,૪૪,૦૯૨ દર્દીઓને રૂ.૪૦૮.૬૬ કરોડથી વધુની તબીબી સહાય પૂરી પાડીને અનેક પરિવારોને આરોગ્ય કવચ પૂરું પાડવામાં આવ્યું હતું.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૧,૦૭,૧૭૨ નવા કાર્ડ ઈસ્યુ થઈ ચૂક્યા છે અને ૧,૩૫,૧૬૨ દર્દીઓને અંદાજે રૂ. ૫૫૦.૯૦ કરોડ જેટલી માતબર રકમની સારવાર આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વિગતોમાં રાજકોટના સ્થાનિક નાગરિકો તેમજ અન્ય જિલ્લાઓમાંથી આવેલા દર્દીઓનો કે જેઓએ રાજકોટની ખાનગી અથવા સરકારી હોસ્પિટલ્સમાં સારવાર લીધી હોય તેમનો પણ સમાવેશ થાય છે.

રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારોને બીમારીના સમયે આર્થિક સંકટમાંથી ઉગારવા માટે 'પીએમજેએવાય' (ઙખઉંઅઢ) યોજના વ્યાપક સ્વરૂપે અમલી બનાવવામાં આવી છે. આ યોજના અંતર્ગત હાલમાં રૂ. ૧૦ લાખ સુધીનું વાર્ષિક મફત આરોગ્ય વીમા કવચ આપવામાં આવે છે. આ આશીર્વાદરૂપ યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા (ઇઙક) કુટુંબો, ૭૦ વર્ષ કે તેથી વધુ વયના તમામ વરિષ્ઠ નાગરિકો, ગત્રજ્જઅ રેશનકાર્ડ ધારકો તેમજ વાર્ષિક રૂ. ૪ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા પરિવારો માન્ય સરકારી અને નિયુક્ત પ્રાઈવેટ હોસ્પિટલોમાં મફત સારવાર મેળવી શકે છે. આ ઉપરાંત, યોજના હેઠળ અંતરિયાળ વિસ્તારના લાભાર્થીઓને હોસ્પિટલ આવવા-જવાના ભાડા પેટે રૂ. ૩૦૦/- ની સહાય પણ ચૂકવવામાં આવે છે. કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જિન સરકાર છેવાડાના માનવીના સ્વાસ્થ્ય અને આર્થિક સુરક્ષા માટે સંપૂર્ણ કટિબદ્ધ છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# પાવર સાથે નિષ્ઠા જરૂરી

## ઝેરી - ભેળસેળિયા ફુડ સામે જંગ સફળ કરવા સેટિંગ તોડવા ફરજિયાત બનશે



રાજકોટ શહેરમાં ભેળસેળિયા બજારુ ખોરાક સામે તંત્ર દ્વારા જંગનું એલાન કરવામાં આવ્યું છે. નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા તત્વો સામે આઠ વિશેષ ટીમો બનાવવામાં આવી છે. આ ટીમોને ઝેરી ફૂડ મામલે કડક હાથે ત્રાટકવા સ્પષ્ટ આદેશ અપાયા છે. તંત્રનો આ નિર્ણય આવકારદાયક છે. આ જ સાચા શાસનના લક્ષણ છે. કોઈપણ રાજકીય કે સામાજિક ભલામણ સામે જોયા વગર કામ કરવાની સૂચના પ્રશંસનીય છે.

ખોરાકી ભેળસેળને કારણે નાની ઉંમરે લોકોને કેન્સર અને હૃદયરોગ જેવા મોટા રોગો થવા લાગ્યા છે. આવી ગંભીર સ્થિતિમાં આ મુદ્દાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી ખૂબ જ જરૂરી હતી.

પરંતુ માત્ર પાવર અને આદેશ આપવાથી આ જંગ જીતી શકાશે નહીં. તંત્રના અધિકારીઓમાં નિષ્ઠાના બાટલા ચઢાવવા પડશે. વર્ષોથી ચાલતા ભ્રષ્ટ સેટિંગ પણ તોડવા પડશે. ઘણીવાર માત્ર દેખાવ ખાતર આક્રમકતા બતાવીને તંત્ર પ્રસિદ્ધિ મેળવી લે છે. પરંતુ તેનાથી ગ્રાઉન્ડ લેવલ પર કોઈ નક્કર પરિણામ મળતું નથી. જો સેટિંગબાજી ચાલુ રહેશે તો આ અભિયાન પણ માત્ર કાગળ પર રહી જશે. તેથી મેયરે પોતે આખી પ્રક્રિયા પર દેખરેખ રાખીને સતત એલર્ટ રહેવું પડશે.

ઝેરી ખોરાક વેચતા તત્વો આખા સમાજના દુશ્મન છે. સેમ્પલ ફેલ થાય ત્યારે માત્ર દંડ કરીને છોડી દેવાની પ્રથા બંધ થવી જોઈએ. કસૂરવારોને જેલના સળિયા પાછળ ધકેલવા જરૂરી છે. નાના લારીવાળાથી લઈને મોટા રેસ્ટોરન્ટ માલિકો સુધી તમામ પર સમાન કાયદો લાગુ થવો જોઈએ. રાજકોટની જનતાને શુદ્ધ ખોરાક મળે તે માટે કડક અમલીકરણ અનિવાર્ય છે. સેટિંગ કરનારા અધિકારીઓ સામે પણ આકરા પગલાં લેવાશે ત્યારે જ આ જંગ સફળ થશે.

આ અભિયાન માત્ર ટૂંકા ગાળાનો દેખાડો ન બની રહેવો જોઈએ. નિયમિત ચેકિંગ, કડક કાર્યવાહી અને પારદર્શક વહીવટ જ જનતાનો વિશ્વાસ જીતી શકે છે. રાજકોટના નાગરિકોના સ્વાસ્થ્ય સાથે રમત રમતા તત્વો સામે કોઈ પણ પ્રકારની ઢીલાશ ચલાવી શકાય નહીં.

વહીવટી તંત્રના વડાઓ અને પદાધિકારીઓ જો ખરા અર્થમાં રાજકોટને સુરક્ષિત બનાવવા ઈચ્છતા હોય, તો તેમણે પોતાની આખી ટીમમાં પ્રામાણિકતા અને કડક નૈતિકતાનો સંચાર કરવો પડશે. જો સત્તા અને પાવરની સાથે આ આંતરિક નિષ્ઠા ભળશે, તો જ આ જંગ તેના અંજામ સુધી પહોંચશે અને રાજકોટ ઝેરી ફૂડના આતંકમાંથી કાયમ માટે મુક્ત બની શકશે.

# મોદી-ટ્રમ્પ મુલાકાત પર કોંગ્રેસનો પ્રહાર

## કોંગ્રેસે કહ્યું, રૂબિયોની ધમકી અને ખલાસીઓની હત્યા પર પ્રશ્ન ઉઠાવશે?



નવીદિલ્હી, તા. ૧૫

કોંગ્રેસ પાર્ટીએ ૧૭ જૂને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી મુલાકાતની ટીકા કરી છે. કોંગ્રેસ પાર્ટીએ જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદી ટૂંક સમયમાં તેમના સ્વ-ઘોષિત સારા મિત્ર, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરશે. બંને ફેબ્રુઆરી ૨૦૨૫ પછી ફ્રાન્સમાં મળશે. મધ્ય પૂર્વ તણાવ પર યુએસ-ઈરાન કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે, પરંતુ તમામ ભારતીય નાગરિકોના મનમાં સૌથી મહત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે વડા પ્રધાન મોદી જ્યારે અમેરિકન રાષ્ટ્રપતિને મળશે ત્યારે તેમની સાથે કયા મુદ્દાઓ ઉઠાવશે.

કોંગ્રેસ પાર્ટીએ નોંધ્યું હતું કે યુએસ વેપાર પ્રતિનિધિ જેમિસન ગ્રીર પણ ભારત-અમેરિકા વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે ટૂંક સમયમાં ભારતની મુલાકાત લેવાના છે. યાદ રાખવું જોઈએ કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ ની રાત્રે પરસ્પર અને પરસ્પર ફાયદાકારક વેપાર પર વચગાળાના કરારના માળખાની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ વડા પ્રધાન મોદીની ચોક્કસ વિનંતી પર કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ પાર્ટીએ જણાવ્યું હતું કે આ એવા સમયે થયું જ્યારે વડા પ્રધાન મોદી સંસદમાં રાહુલ ગાંધી દ્વારા ચીન પ્રત્યેની તેમની કાયરતાનો પર્દાફાશ કરવાથી દબાણ હેઠળ હતા. આ સોદો ભારત માટે એકતરફી નુકસાન હતો, જેમાં મોદી સરકારે મોટા પાયે એકપક્ષીય છૂટછાટો આપી છે જે આપણા ખેડૂતો અને ઉદ્યોગોને જોખમમાં મૂકે છે. યુએસ સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ મલેશિયા જેવા દેશોએ યુએસ સાથેના તેમના વેપાર કરારોને રદબાતલ જાહેર કર્યા છે, જેમાં આ કરારોને આધાર આપનારા ટ્રમ્પ ટેરિફને રદ કરવામાં આવ્યા હતા.

કોંગ્રેસ પાર્ટીએ જણાવ્યું હતું કે મોદી સરકાર માત્ર આ વેપાર કરારને છોડી દેવામાં નિષ્ફળ રહી નથી, જે લાખો ભારતીય ખેડૂતોના ભવિષ્યને જોખમમાં મૂકે છે, પરંતુ જ્યારે સેક્રેટરી ઓફ સ્ટેટ રુબિયોએ જાહેરાત કરી હતી કે મોદી સરકારે આગામી પાંચ વર્ષમાં યુએસ પાસેથી ૫૦૦ બિલિયનનો માલ ખરીદવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે, જે અમેરિકાથી આપણી વાર્ષિક આયાતને અસરકારક રીતે બમણી કરશે ત્યારે તેઓ મૌન અને લાચાર પણ રહ્યા.

કોંગ્રેસ પાર્ટીએ જણાવ્યું હતું કે રુબિયો-જયશંકર વાટાઘાટો, યુએસ સુપ્રીમ કોર્ટ દ્વારા રાષ્ટ્રપતિ ટ્રમ્પના ટેરિફને ઉલટાવી દેવા અને આ વેપાર કરારના અન્યાયી સ્વભાવને ધ્યાનમાં રાખીને, ભારતે ઓછામાં ઓછું યુએસ વેપાર પ્રતિનિધિની મુલાકાત મુલતવી રાખવી જોઈએ. કોઈપણ સ્વાભિમાની રાષ્ટ્ર ગુંડાઓ સામે તેની સાર્વભૌમત્વનો બચાવ કરવા માટે ફક્ત ફોન કોલ્સ અને પ્રેસ નિવેદનો કરતાં વધુ કરશે. વડા પ્રધાન મોદી ૧૭ જૂને ફ્રાન્સમાં ટ્રમ્પને મળશે. બંને રાષ્ટ્રના વડાઓ વચ્ચેની આ મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ૨૦૨૫ માં તેમની મુલાકાત પછી, ઘણા મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય વિકાસ થયા છે. કોંગ્રેસે પ્રશ્નો ઉઠાવ્યા છે કે શું પીએમ મોદી આ મુલાકાત દરમિયાન આ મુદ્દાઓ પર ચર્ચા કરશે.

ટ્રાન્સજેન્ડર એક્ટ અંતર્ગત

# હાઈકોર્ટમાં તમામ પેન્ડિંગ અરજીઓ પર સુપ્રીમનો સ્ટે

## સુપ્રીમ કોર્ટ કાયદાની બંધારણીય માન્યતા પર પોતે વિચાર કરશે



નવીદિલ્હી, તા. ૧૫

સુપ્રીમ કોર્ટે ટ્રાન્સજેન્ડર પર્સન્સ (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ ને પડકારતી રિટ અરજીઓ પર રાજસ્થાન, કર્ણાટક, કેરળ અને દિલ્હી હાઈકોર્ટમાં કાર્યવાહી પર રોક લગાવી દીધી છે. આ કેસમાં કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ હાઈકોર્ટમાં દાખલ કરાયેલી અરજીઓને દિલ્હી હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવાની વિનંતીનો સમાવેશ થાય છે. સુનાવણી દરમિયાન, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે કોર્ટ કેન્દ્રીય કાયદાની બંધારણીય માન્યતાને પડકારવા પર વિચાર કરી રહી છે. હાઈકોર્ટ સમક્ષ અરજદારોમાંથી એકે કહ્યું, નસ્ત્રમારી અરજી સૌથી વિગતવાર છે, અને હું પોતે એક લાયક ડોક્ટર છું.સ્ત્રસ્ત્ર ઈઉંઈ એ જવાબ આપ્યો, નસ્ત્રઅમને ચોક્કસપણે તમારી સહાયની જરૂર પડશે.સ્ત્રસ્ત્ર તેમણે ઉમેર્યું કે બધા કેસોને એકસાથે ધ્યાનમાં લેવાનું વધુ સારું રહેશે. ઈઉંઈ એ કહ્યું, નસ્ત્રકાં તો આપણે તેને એક હાઈકોર્ટને સોંપીશું, અથવા આપણે અલગ અલગ મંતવ્યો માંગવાને બદલે તેનો નિર્ણય જાતે લઈશું.સ્ત્રસ્ત્ર

તુષાર મહેતાએ કહ્યું, નસ્ત્રગઅકજઅ નો નિર્ણય છે, તેથી કૃપા કરીને નોટિસ જારી કરો.સ્ત્રસ્ત્ર હું માનનીય ન્યાયાધીશોને આ મામલો ત્રણ ન્યાયાધીશોની બેંચ સમક્ષ મૂકવા માટે મનાવી શકું છું. હાઈકોર્ટ માટે તે નિર્ણયની વિરુદ્ધ અભિપ્રાય બનાવવાનું મુશ્કેલ હોઈ શકે છે. વકીલે જણાવ્યું હતું કે ગઅકજઅ ના નિર્ણયને સમર્થન આપવા માટે કંઈ નથી. આ સુધારો માત્ર ગેરબંધારણીય નથી, પણ તેનો કોઈ તબીબી આધાર પણ નથી. બેન્ચે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરનારા ડો. ચંદ્રેશ જૈનને પણ સંક્ષિપ્તમાં સાંભળ્યા. ડો. જૈને દલીલ કરી હતી કે ૨૦૧૬નો સુધારો ગેરબંધારણીય છે કારણ કે તે ૨૦૧૪ના ગઅકજઅ ના નિર્ણયને નબળી પાડે છે, જેમાં લિંગ સ્વ-ઓળખને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપવામાં આવી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે આ સુધારાનો કોઈ તબીબી આધાર નથી. સુપ્રીમ કોર્ટે ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ (સુધારા) અધિનિયમ ૨૦૨૬ ને પડકારતી તમામ હાઈકોર્ટ અરજીઓ પર સ્ટે મૂકી દીધો છે. સુપ્રીમ કોર્ટ હવે આ કાયદાની બંધારણીય માન્યતા પર જ વિચાર કરશે. ઈઉંઈ એ સંકેત આપ્યો કે કેસ દિલ્હી હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરી શકાય છે અથવા સુપ્રીમ કોર્ટમાં જ સુનાવણી કરી શકાય છે.

# મોદીએ ઈરાન-અમેરિકા કરારને આવકાર્યું

## યુદ્ધ વિરામથી ક્ષેત્રમાં શાંતિ - સ્થિરતા પુનઃસ્થાપિત કરશે





નવીદિલ્હી, તા. ૧૫

ઈરાન અને અમેરિકા વચ્ચે શાંતિ કરાર થયો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બંને દેશો વચ્ચેના આ કરારનું સ્વાગત કર્યું છે. તેમણે ટ્વીટ કર્યું કે ઈરાન-અમેરિકા સંઘર્ષથી વિશ્વમાં ભારે આર્થિક ઉથલપાથલ થઈ છે. આ કરાર પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરશે, જેનાથી હિલચાલની સ્વતંત્રતા અને વૈશ્વિક વેપાર સુનિશ્ચિત થશે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે વાટાઘાટો એક સ્થાયી અને અંતિમ કરાર તરફ દોરી જશે તેવી અપેક્ષા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ૧૪ મુદ્દાઓ પર કરાર થયા છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે ૧૪ મુદ્દાઓ પર કરાર થયા છે. આ કરાર ૧૯ જૂને જીનીવામાં હસ્તાક્ષર કરવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પ પણ હાજર રહી શકે છે. ટ્રમ્પે ટ્રુથસોશિયલ પર શાંતિ કરારની જાહેરાત કરી. યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું કે હોર્મુઝ સ્ટ્રેટ પર યુએસ નાકાબંધી તાત્કાલિક હટાવવામાં આવશે. આ કરારમાં હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે ફરીથી ખોલવાનો નિર્ણય પણ શામેલ છે. અન્ય મુદ્દાઓ પર કરાર થયા છે.

ઈરાન અને અમેરિકા વચ્ચે શાંતિ કરાર લગભગ ૧૦૭ દિવસના યુદ્ધ પછી થયો છે. બંને દેશો વચ્ચે ચાલી રહેલા આ યુદ્ધથી વૈશ્વિક સ્તરે નોંધપાત્ર ઉથલપાથલ થઈ હતી. તેલ અને ગેસના ભાવમાં વધારો થયો હતો. વૈશ્વિક આર્થિક કટોકટીનો ભય ઉભો થયો.

હોર્મુઝ સ્ટ્રેટમાં ઘણા તેલ અને ગેસ ટેન્કર ફસાયેલા હતા, કેટલાક હજુ પણ છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, હોર્મુઝ સ્ટ્રેટમાં હાલમાં ૬૦૦ મોટા જહાજો ફસાયેલા છે, જેમાં આશરે ૧૩ ભારતીય જહાજોનો સમાવેશ થાય છે. આ બધા જહાજો પર્સિયન ગલ્ફમાં ફસાયેલા છે.

આ વર્ષે ૨૮ ફેબ્રુઆરીના રોજ યુએસ-ઈરાન યુદ્ધ શરૂ થયું હતું. તે દિવસે, યુએસ અને ઇઝરાયલે સંયુક્ત રીતે ઈરાન પર હુમલો કર્યો, તેના લશ્કરી થાણાઓ, હવાઈ સંરક્ષણ અને સરકારી માળખા પર અસંખ્ય મિસાઇલો છોડ્યા. આ યુએસ-ઈઝરાયલી હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેની સહિત અનેક નેતાઓ માર્યા ગયા. જવાબમાં, ઈરાને પણ યુએસ અને ઇઝરાયલી થાણાઓ પર હુમલો કર્યો, હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો પર ડ્રોન છોડ્યા અને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધું, જેનાથી તેલ પુરવઠો ભારે ખોરવાઈ ગયો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ઈરાન-યુએસ સંઘર્ષથી વિશ્વમાં ભારે આર્થિક ઉથલપાથલ થઈ છે. આ સોદો પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરશે અને વૈશ્વિક વેપાર સુનિશ્ચિત કરશે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## સાંપ્રત સમયમાંન આલોક અને પરલોક શબ્દનાં ત્રિપરિમાણીય અર્થને કંઈ રીતે મૂલવીશું?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. મનુષ્ય મોહ, માયા, મમતાનાં, આવરણોનું કરોળિયાની જેમ પોતાની આસપાસ એવું જાળું રચે છે, કે ક્યારે એ ખુદ એમાં કેદ થઈ ગયો, એ એને જ ખબર રહેતી નથી! અને પોતાનાં જાળાં એટલે કે ઘર પરિવારને તોડ્યાં વગર બહાર નીકળી શકાતું નથી! અને મમતા એને તોડવા દેતી નથી, સંસારીનું આ જ ચક્ર છે! પણ જાગ્યાં ત્યારથી સવાર! એમ ઘણીવાર મોડેમોડે સાહસ થાય છે,! અને કંઈ નહીં તો છેવટે સંસારિક સંબંધોની અપેક્ષા ઉપેક્ષાની વૃત્તિ માંથી બહાર આવીને જીવન દર્શન કરવાની તક મળે છે. વ્યવહારમાં પણ ખુદનાં આગ્રહ છૂટવા જરુરી હતાં, એવું સમજાય છે! એક એક તંતુ જે મમતાની લાળથી ગૂથ્યો હતો, એને તોડતાં દિલ દુઃખે પણ છે, પરંતુ હવે જો આત્મોદ્ધાર વિશે નહીં વિચારું! તો ક્યારે વિચારિશ? જો આવો એક વિચાર આવે તો લગભગ જન્મ સફળ સમજો! કારણકે સંસારીની મનોવ્યથા ભગવાન પણ સમજે જ છે, અને એટલે એ હિમાલયમાં જઈ ઠંડી, તાપ, વરસાદ વગેરે સહીને તપ કરે એવી આશા તો રાખે જ નહીં! ઉલટું ગીતામાં અમુક નિયમો જો સહજ બને તો એને નિત્ય સંન્યાસીનું પદ પણ પ્રાપ્ત થાય છે. પરંતુ ઘણીવાર બધું જ જ્ઞાન હોવાં છતાં આ કેદમાંથી નીકળી ન શકવાને કારણે જન્મ નિષ્ફળ જતો દેખાય! અથવા તો પોતાની ગતિના પરિણામ વિશે શંકા કરી વધુ નિરાશામાં જે માર્ગ ખરેખર સાચો હતો, એને અધવચ્ચે છોડી દે છે.આપણે ગયાં મંગળવારે અયતિઃ શ્રદ્ધાયોપેતો એ શબ્દનો અર્થ કરી અર્જુને જે સંશય કર્યો એની વિશે વાત કરી, પછીના બે શ્લોકો પણ એ જ ભાવ નાં છે! અને ૪૦ માં શ્લોકમાં ભગવાન અર્જુનને જવાબ આપે છે એ વિશે ચિંતન કરીશું.

પાર્થ નૈવેહ નામુત્ર વિનાશસ્તસ્ય વિદ્યતે મ
ન હિ કલ્યાણકૃત્કશ્ચિદ્દુર્ગતિં તાત ગચ્છતિ ય ૪૦

ભગવાન શ્રીકૃષ્ણ કહે છેઃ

નસ્ત્રહે પાર્થ (અર્જુન)! આવા સાધકનો ન તો આલોકમાં અને ન પરલોકમાં નાશ થાય છે. હે પ્રિય પુત્ર! જે કોઈ શુભ અને કલ્યાણકારી કર્મ કરે છે, તે ક્યારેય દુર્ગતિને પામતો નથી.

આપણે આ શ્લોકની ત્રણ શબ્દ સંધિ પરથી એનાં સ્થૂળ સૂક્ષ્મ અને કારણ શરીરનાં અર્થ સુધી પહોંચીએ.

**નૈવેહ નામુત્રઃઃ ન + એવ + ઇહ, અહીં બિલકુલ નથી, ન + અમુત્ર પરલોકમાં પણ નહીં! ભગવાન અર્જુનને જવાબ આપતાં કહે છે કે જે જીવે ભગવત્ પ્રાપ્તિ માટે જે કંઈ યત્ન કર્યા હોય એની આ લોક કે પરલોકમાં દુર્ગતિ નથી. પરંતુ આલોક અને પરલોક! એને કેમ સમજીશું?; સ્થૂળ રુપે આલોક એટલે તો આપણે જ્યાં છીએ એ મૃત્યુલોક, ભારતીય સનાતન સંસ્કૃતિ મુજબ જે કોઈ સત્કર્મ કરે એને સ્વર્ગ પ્રાપ્ત થાય, આ સ્વર્ગ માટે પરલોક શબ્દ પ્રયોજાય છે. એટલે એમ કહો કે પરલોક માટેની એક ધારણા છે કે, ત્યાં આવું આવું હોય!ઃ એક તો અશરીરી અવસ્થા એટલે આત્મા ઉડીને પહોંચી શકે! અને સૌથી વધુ જીવનભર જે ભોગ સુખ માટે સંઘર્ષ કર્યો એ અનલિમિટેડ! દુર્લભ બધી જ વસ્તુઓ સુલભ, કલ્પના માત્રથી રોમાંચ થાય! સુક્ષ્મ રીતે રાગ એટલે પ્રેમ અને અનુરાગ એટલે પરમ પ્રેમ! અને તત્વતઃ આ બે ભાવ જ આલોક અને પરલોક છે! જ્યાં સુધી જીવ સ્વયં કે પરિવારનાં દાયરામાં રહીને પ્રેમ કરે એ આલોક અને પરિવારનું વર્તુળ વધારતો વધારતો સમસ્ત જડ ચેતન સૃષ્ટિ સુધી એની સંવેદના વહે એ ઉત્તમ ભાવ એટલે જ પરલોક.

**કલ્યાણ કૃતઃઃ શુભનું આચરણ! ભક્તિની પરાકાષ્ઠાએ જીવ અને શિવનું મિલન થાય છે, એવી એક માન્યતા આપણે ત્યાં છે! પરંતુ જીવ અને શિવની મૂળ માનસિકતામાં, જીવ છે એ સતત લાભને શોધે છે, જ્યારે શિવ શુભમાં વિ વિચરે છે. જીવ સ્વાર્થ આચરે છે, જ્યારે શિવ ભોળે ભાવે પરમાર્થ! અને દ્રષ્ટિમાં સતત શુભ કે પરમાર્થ એટલે જ કલ્યાણ!

** ન હીં દુર્ગતિ્મ તાત ગચ્છતિ, તાત એ અર્જુન ને સ્નેહ ભર્યું સંબોધન કરી કહે છે કે, કલ્યાણ કરનાર ક્યારેય દુર્ગતિને પામતો નથી. ગતિ, દુર્ગતિ અને સદગતિ એને સમજવું પડે! અહીં સ્થૂળ શરીરની ગતિની વાત નથી. સામાન્ય ગતિ એટલે બાળક માંથી વૃદ્ધિ થતાં થતાં અહીં સુધી પહોંચ્યા એ રીતે ગતિ થઈ! ઉંમર વધવા છતાં વાણી વર્તન કે વિચારોથી અન્ય ને પરેશાન કેમ કરવાં પ્રતાડિત કરવા એ જ કર્યું તો સ્વાભાવિક સૌ એને તિરસ્કૃત કરે એટલે અહીં આલોક માંજ એની દુર્ગતિ થઈ! એથી ઉલટું વાણી વર્તન અને વિચારથી સૌને મદદ કરી કે એને શુભકામના વાંછીને પ્રિય થયાં તો અહીં જ સદગતિ!

સાવ સીધાસાદા શબ્દોમાં કહીએ તો જો કોઈ વ્યક્તિ યોગ, ભક્તિ અથવા આધ્યાત્મિક માર્ગ પર ચાલે અને પૂર્ણ સિદ્ધિ પહેલાં જ સંશય વશ કે પરિસ્થિતિ વશ તેની સાધના અધૂરી રહી જાય, તો પણ તેની મહેનત વ્યર્થ જતી નથી. તેને તેના સારા પ્રયત્નોનું ફળ અવશ્ય મળે છે.

ઈશ્વરની તરફ ભરેલું એક પણ પગલું વ્યર્થ જતું નથી. સાધનામાં થયેલાં પ્રયત્નો આત્માનાં સંસ્કાર બનીને રહે છે. જો આ જન્મમાં પૂર્ણતા ન મળે, તો પણ તે સંસ્કારો આગળની યાત્રામાં મદદરૂપ બને છે.ભગવાનનો નિયમ છે કે સાચાં હૃદયથી કરેલું કલ્યાણકારી કાર્ય ક્યારેય નષ્ટ થતું નથી.આ શ્લોક આપણને નિરાશા છોડીને સતત સાધના, ભક્તિ અને સદ્કર્મમાં આગળ વધવા પ્રેરણા આપે છે. ભગવાન ખાતરી આપે છે કે આધ્યાત્મિક માર્ગ પર ચાલનાર વ્યક્તિની ક્યારેય હાનિ થતી નથી. કલ્યાણના માર્ગે ચાલનારને અંતે કલ્યાણ જ મળે છે.

પરંતુ મનુષ્ય છે કે, જે વસ્તુઓ અને સંબંધો અહીં જ છોડીને જવાનાં છે, એની પાછળ જ જીવન ખર્ચી નાખે છે, અને આવાં જન્મોજન્મ સાથે ચાલનારા સંસ્કાર વિશે વિચારતો નથી! બેન્કમાં ગમે તેટલા રુપિયા હોય એ અહીં જ રહેશે, પણ જો એ રુપિયા કોઈ અન્ય માટે સ્વાર્થ વગર વાપર્યા હશે, તો આવતો જન્મ એટલાં રુપિયા આસાનીથી મળી જાય! એટલે કે જે રીતે વાપર્યા હોય એમ સામાન્ય થી ધનવાનને ઘેર જન્મ થાય! અને કળિયુગી કાળ કામ કરી ગયો, આપવાની બદલે છીનવી લીધું તો આવતો જન્મ એ લેણું ચૂકવવામાં જ જશે! અને ઉપરથી ગરીબી. પરંતુ અહીં માત્ર ધનની વાત નથી! કલ્યાણકારીનો સ્વભાવ જન્મથી જ ઉદાર, માયાળુ, પ્રેમાળ, દયાળું કે સેવાભાવી હોય. ટૂંકમાં આલોક પરલોક નો કારણ શરીરનો અર્થ, સ્વાર્થથી ભરેલા કળિયુગી કાળની પ્રધાનતા એટલે આલોક, અને પરમાર્થ માટે જીવન વારી જવાનાં શુભ સંકલ્પથી ભરેલ મહાકાળની પ્રધાનતા એટલે પરલોક! એમ પણ જીવની ગતિ અને સદગતિ થઈ શકે! આપણે સૌ આ રીતે આલોક પરલોકનું મુલ્યાંકન કરીને મૃત્યુ પછીનું ઉત્તમ જીવન માણી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### નંબર વગરનું ટુવ્હીલર લઈને આવ્યા, બસ્સો રૂપરડીનું પેટ્રોલ પુરવા કહ્યું ને પછી ખેલ ચાલુ કર્યા

# નોઝલ ન અપાતાં પેટ્રોલ પંપ બંધ કરાવવાની ધમકી!

## ચુનારાવાડ ચોકમાં આવેલા રતનશીભાઈ પરમારના પેટ્રોલ પંપ ખાતે આરીફ અને મોઈનની લુખ્ખાગીરીઃ કર્મચારીને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી છરીથી ઈજા પહોંચાડીઃ થોરાળા પોલીસે દાખલ કરી FIR

રાજકોટ,તા.૧૫

શહેરમાં લુખ્ખાગીરીની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. હવે કયાંય નહિ તો બે જણાએ પેટ્રોલ પંપ ખાતે ધમાલ મચાવી દીધી હતી. નંબર વગરનું ટુવ્હીલર લઈને બસ્સો રૂપીયાનું પેટ્રોલ પુરાવવા આવેલા બે શખ્સે પંપના કર્મચારી પાસેથી સાત સેકન્ડ માટે નોઝલ માગતા કર્મચારીએ ના પાડતાં આ બંનેએ બેફામ ધમાલ મચાવી મારામારી કરી હતી. મેનેજર વચ્ચે પડતાં તેને પણ મારકુટ કરી હતી અને પંપ બંધ કરાવી દેવાની ધમકી આપી હતી. આ ઉપરાંત તેને જ્ઞાતિ પ્રત્યે પણ જેમ ફાવે તેમ કહી અપમાનીત કરતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો.



વિગતો જોઈએ તો આ ઘટના ચુનારાવાડ ચોકમાં ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ ખાતે બની છે. અહિ ટુવ્હીલરમાં પુરાવવા બાબતે બે શખ્સે સાત સેકન્ડ માટે નોઝલ હાથમાં રાખવા માટે માંગી કર્મચારી સાથે ગાળાગાળી કરી માથાકુટ કરી પંપના ગાળો ભાંડી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી તેમજ વચ્ચે પડેલા મેનેજર સાથે પણ ડખ્ખો કરી પંપ કેમ ચાલુ રાખો છો એ જોઈ લઈશું તેવી ધમકી આપતાં અને છરીથી હુમલો કરી મોઢા, શરીરે છરકા જેવી ઈજાઓ કરતાં ફરિયાદ નોંધાવાઈ હતી. આ બનાવમાં થોરાળા પોલીસે ૮૦ ફુટ રોડ સત્યમ્ પાર્ક-૧માં રહેતાં રતનશીભાઈ મેઘજીભાઈ પરમાર નામના છપ્પન વર્ષિય પ્રૌઢની ફરિયાદ પરથી આરીફ અને મોઈન સામે એટ્રોસીટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

બનાવની વધુ માહિતી અનુસાર રતનશીભાઈ પરમાર પરિવાર સાથે રહે છે અને ચુનારાવાડ ચોકમાં ઈન્ડિયન ઓઈલ નામે પેટ્રોલ પંપની માલિકી ધરાવે છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે રવિવારે રાતે હું સોરઠીયા વાડી સર્કલે હતો ત્યારે અમારા પંપના મેનેજર વનરાજ જગદીશભાઈ ગોહેલનો મને ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે આપણા પંપ ખાતે મોઈન અને આરીફ એક્સેસ લઈને આવ્યા હતાં અને કર્મચારી કાર્તિક અશોકભાઈ સાગઠીયાને ગાળો આપી મારામારી કરે છે, તમે અહિ આવો. તેમ કહેતાં હું પેટ્રોલ પંપ ખાતે પહોંચ્યો હતો.મેં બનાવ વિશે પુછતાં કાર્તિક સાગઠીયાએ કહ્યું હતું કે-આપણા પંપ ખાતે આરીફ નંબર વગરનું એક્સેસ લઈને આવ્યો હતો અને પાછળ મોઈન બેઠો હતો.

આરીફે કહેલું કે રૂા. બસ્સોનું પેટ્રોલ પુરી દો અને મારી ગાડીની ટાંકીનું ઢાંકણું ખોલી દો અને મારા હાથમાં નોઝલ આપો જેથી હું ૭ સેકન્ડ પુરતું હાથમાં રાખી શકુ. પણ મેં નિયમ મુજબ નોઝલ હાથમાં આપવાની ના પાડી નોઝલ સ્ટેન્ડ પર મુકી દેતાં આરીફે ઉશ્કેરાઈ જઈ મા-બહેન સમી ગાળો ભાંડી હતી અને મારા હાથમાં જય ભીમ લખેલુ જોઈ મને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી તમારાથી કંઈ ન થાય તેમ કહી ઝઘડોક રતાં હું ઓફિસમાં જતો રહ્યો હતો. એ પછી મેનેજર વજરાજભાઈએ આરીફ અને મોઈનને સમજાવતાં આ બંનેએ તની સાથે પણ ઝઘડો કર્યો હતો. બાદમાં મને છરીથી આંખ પાસે અને મોઢા પરઈ જા પહોંચાડી હતી.

વનરાજભાઈએ મને વધુ મારથી બચાવ્યો હતો. આ પછી આરીફ અને મોઈને હવે પછી તમે કેમ પેટ્રોલ પંપ ચાલુ રાખયો છો એ જોઈ લઈશું તેમ કહી ધમકી આપી ભાગી ગયા હતા. આ ઉપરોક્ત વાત મને કર્મચારી કાર્તિક સાગઠીયાએ જણાવી હતી. તેમ વધુમાં પંપના સંચાલક રતનશીભાઈ પરમારે જણાવતાં થોરાળા પોલીસ સ્ટેશનના ઈન્સપેકટર એસ. પી. સોઢાના માર્ગદર્શનમાં પીએસઆઈ ડી. કે. ધાંધલાએ ફરિયાદ દાખલ કરી બંનેને શોધી કાઢવા તજવીજ હાથ ધરી હતી.

## રૂખડીયાપરામાં શબીલની જગ્યા માટે ડખ્ખોઃ યુવાન પર તલવારથી હુમલો

### યુવાને પોતાના જ સમાજના લોકોને શબીલ માટે જગ્યા કરવાની હોઈ કાર થોડા દિવસ દુર રાખવાનું કહેતાં જામી પડી

રાજકોટઃ હાલમાં માતમના પર્વ મહોર્રમ માટે તાજીયા, શબીલની મુસ્લિમ સમાજ દ્વારા તૈયારી થઈ રહી છે. આ વચ્ચે રૂખડીયાપરામાં શબીલની જગ્યા માટે માથાકુટ થતાં એક યુવાન પર પાડોશમાં રહેતાં એક શખ્સ, તેના બે પુત્રો સહિત ચાર જણા તૂટી પડતાં આ યુવનને સારવાર માટે દાખલ કરાવામાં આવ્યો છે.

બનાવ અંગે જાણવા મળેલી માહિતી પર નજર કરીએ તો જાણવા મળ્યા મુજબ રૂખડીયાપરામાં રહેતા રેહાન રઝાકભાઈ શેખ (ઉ.વ.૧૯)ને રાતે નવેક વાગ્યે પોતાના ઘર નજીક હતો ત્યારે તેના જ વિસ્તારના ઈસ્માઈલભાઈ શેખ અને તેના બે પુત્રો મકદુમ તથા કાલી અને સાહીલ નામના શખ્સે મળી ઝઘડો કરી ઢીકાપાટુનો માર મારી છરી, તલવારથી ઈજા કરતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરી હતી. રેહાન ફ્રુટનો ધંધો કરે છે. તેણે જણાવ્યું હતું કે વિસ્તારમાં પોતે અને બીજા મુસ્લિમ યુવાનો દર વર્ષે મહોર્રમ પર્વમાં શબીલ બનાવે છે. જે જગ્યાએ તાજીયાની શબીલ કરે છે ત્યાં ઈસ્માઈલભાઈએ પોતાની કાર પાર્ક કરી હોઈ રેહાન સહિતે તેને અહિ શબીલની જગ્યા છે જેથી તમારી કાર થોડા દિવસ માટે દુર પાર્ક કરો તેમ કહેતાં ઈસ્માઈલભાઈ અને તેના બે દિકરાઓએ ઉશ્કેરાઈ જઈ ઝઘડો કરી હુમલો કર્યો હતો. પોલીસે આ અંગે ગુનો દાખલ કર્યો હતો.

## મહારાણા પ્રતાપજીની ૪૮૬મી જન્મ જયંતિ નિમિત્તે ભવ્ય ઉજવણી

સોરઠીયા વાડી ચોક ખાતે મહાઆરતી અને પુષ્પાંજલિનું આયોજન



રાજકોટ,તા.૧૫

હિન્દવા સૂરજ, સનાતન ધર્મરક્ષક, મહાયોદ્ધા, ક્ષત્રિય કુળભૂષણ, વીર શિરોમણી અને એકલિંગ દીવાન એવા શ્રી મહારાણા પ્રતાપજીની ૪૮૬મી જન્મ જયંતિ આગામી બુધવાર, તા. ૧૭.૦૬.૨૦૨૬ ના રોજ છે. આ પાવન અવસરે રાજકોટ ખાતે મહારાણા પ્રતાપજીની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે સવારે ૯:૩૦ વાગ્યે રાજકોટના સોરઠીયા વાડી ચોક ખાતે આવેલી મહારાણા પ્રતાપજીની પ્રતિમા સમક્ષ વિશેષ મહાઆરતી અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. આ ગૌરવવંતા કાર્યક્રમમાં ક્ષત્રિય રાજપૂત બંધુઓ તેમજ સર્વે સનાતન હિન્દુ સમાજને બહોળી સંખ્યામાં પધારીને દર્શન અને આરતીનો લાભ લેવા માટે રાજપૂત સમાજ, રાજપૂત ક્ષત્રિય સુપ્રીમ કાઉન્સિલ તેમજ ક્ષત્રિય કરણી સેના પરિવાર દ્વારા ભાવભર્યો અનુરોધ કરવામાં આવ્યો છે.

## છરીના નવ ઘા ઝીંકાતા ઘવાયેલી કોઠારીયા સોલવન્ટના મહિલાનું મોતઃ બનાવ ખૂનમાં પલ્ટાયો

### શાપરના પારડીમાં ત્રણ દિવસ પહેલા મુસ્લિમ મહિલાને તેના જુના પાડોશી પિતા-પુત્રએ ઘા માર્યા હતાંઃ આરોપીઓની શોધખોળ

રાજકોટ,તા.૧૫

જીલ્લાના શાપરના પારડી ગામે શીતળા માતાજીના મંદિર નજીક ત્રણ દિવસ પહેલા રાજકોટના કોઠારીયા સોલવન્ટમાં રહેતી મહિલા પર પિતા-પુત્રએ છરીથી હુમલો કરી ગળા, પેટમાં આડેધડ ૯ જેટલા ઘા મારી આંતરડા કાઢી નાંખતા ગંભીર હાલતમાં તેણી સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ મહિલાનું મોત નિપજતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો.

વિગતો પર નજર કરીએ તો કોઠારીયા સોલવન્ટ રસુલપરા હુશેની ચોક પાસે રહેતાં ઝુબેદાબેન અયુબભાઈગુડદી નામના સાડત્રીસ વર્ષના મહિલા અગીયારમીએ સાંજે પારડીમાં શિતળા માતાજીના મંદિર પાસે હતાં ત્યારે પ્રવિણ ઉર્ફે પવલો ગેલાભાઈ વાઘેલા અને તેના દિકરા ક્રિશ ઉર્ફે ઢીંગો પ્રવિણભાઈ વાઘેલાએ મળી છરીથી હુમલો કરી પેટ, ગળા પર આડેધડ ઘા મારી દેતાં તેણી લોહીલુહાણ થઈ ઢળી પડી હતી. લોકો ભેગા થઈ જતાં હુમલાખોરો ભાગી ગયા હતાં. ઝુબેદાબેનને સારવાર માટે રાજકોટ ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં શાપરના ઈન્સ. આર. બી. રાણાએ રાજકોટ પહોંચી ઝુબેદાબેનની દિકરી ખુશી શીવમભાઈ તિવારી ( જુના માર્કેટ યાર્ડ પાસે હા.બોર્ડ ક્વાર્ટર)ની ફરિયાદ પરથી પ્રવિણ અને તેના દિકરા ક્રિશ વિરૂધ્ધ હત્યાની કોશિષનો ગુનો નોંધ્યો હતો. ખુશીબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમના માતા ઝુબેદાબેન અયુબભાઈ ગુડદી અગાઉ પારડી ગામે શીતળા મંદિર પાસે ભાડે રહેતા હતા.

તેણીએ વધુમાં કહ્યું કે અગીયારમીએ સાંજે સાડા આઠેક વાગ્યાના અરસામાં ઝુબેદાબેન કોઈ કામસર પારડી ગામે ઝાલાવાડી પાનની દુકાન પાસેથી પસાર થઈ રહ્યા હતા. એ વખતે તેણીના પુર્વ પાડોશી પ્રવિણ ગેલાભાઈ વાઘેલા અને તેના દીકરા ક્રિશ ઉર્ફે ઢીંગો પ્રવિણભાઈ વાઘેલા એ કોઈ અગમ્ય કારણોસર જુબેદાબેન સાથે ઝઘડો કર્યો હતો. ઝઘડો એટલો ઉગ્ર બન્યો હતો કે પિતા-પુત્રએ ઉશ્કેરાઈને પોતાની પાસે રહેલી છરી વડે જુબેદાબેન પર આડેધડ ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું. હુમલાખોરોએ મહિલાને પેટના ભાગે ૪ ઘા મારી દીધા હતાં.

જેમાં ડૂંટીની નીચે એક ડો ઘા લાગડતાં આંતરડું બહાર આવી ગયું હતું. તેમજ પીઠ-કમરના ભાગે બે ઘા તેમજ ગળા અને ગાલ પર છરીના ઘા મારી દીધા હતાં. હુમલા બાદ ઘટનાસ્થળે હાજર લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. આ દરમિયાન ફરિયાદી ખુશીબેનના પતિ શિવમના મિત્ર અર્જુન વેગડાએ ફોન કરીને જણાવ્યું કે તારા સાસુ ઝુબેદાબેનને પારડીમાં રિક્ષામાં આવેલા કોઈ માણસોએ છરી મારી દીધી છે. ખુશીબેને તુરંત જ માતાના મોબાઈલ પર ફોન કરતા ત્યાં હાજર એક અજાણ્યા મહિલાએ ફોન ઉપાડીને જણાવ્યું કે તેમને ગંભીર હાલતમાં રાજકોટ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી રહ્યા છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયેલી દીકરી ખુશીબેને જ્યારે લોહીલુહાણ હાલતમાં સારવાર લઈ રહેલા માતા જુબેદાબેનને પુછયુ ત્યારે ગંભીર રીતે ઘવાયેલા અને ભાનમાં રહેલા માતાઅ જણાવ્યું હતુ કે પાડોશમાં રહેતા પ્રવિણ ગેલાભાઈ વાઘેલા અને તેના દીકરા ક્રિશ ઉર્ફે ઢીંગાએ આ જીવલેણ હુમલો કર્યો છે. પીઆઈ આર. બી. રાણાએ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી. ઝુબેદાબેનનું મૃત્યુ થતાં બનાવ હત્યામાં પલ્ટાયો છે. કારણ હજુ પણ બહાર આવ્યું નથી. પરંતુ સાથે રહેવા મામલે અગાઉ થયેલી માથાકુટને લીધે આરોપી-મૃતક વચ્ચે ફરી ડખ્ખો થતાં હત્યા થયાની ચર્ચા છે. આરોપી પકડાયા બાદ વધુ વિગતો સામે આવશે.

## જૂની અદાવતમાં મિત્રએ ઢાળ્યું ભાઈબંધનું ઢીમ

### બે ઝડપાયા, એક ફરારની શોધખોળ

રાજકોટ, તા.૧૫

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં આવેલા હીરાવાડી ત્રણ રસ્તા પાસે શિવશક્તિ મંદિર નજીક ૧૦ જૂન ૨૦૨૬ની મોડીરાત્રે એક યુવકની ઘાતકી હત્યા થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. મૃતકની ઓળખ શુભમ ઉર્ફે છોટુ રામઅચલ કોરી તરીકે થઈ છે, જે મહાવીરનગર વિસ્તારમાં રહેતો હતો અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ખાસ વાત એ છે કે, શુભમ અને મુખ્ય આરોપી વિજય ઉર્ફે શાલુ રાજપૂત અગાઉ ગાઢ મિત્રો હતા અને બંને સાથે રિક્ષા ચલાવતા, ને સાથે ઉઠતા-બેસતા હતા. પરંતુ અંદાજે બે થી ત્રણ મહિના અગાઉ કોઈ બાબતે બંને વચ્ચે ઝઘડો થયો હતો. આ ઝઘડો એટલો ગંભીર બન્યો કે મિત્રતા દુશ્મનીમાં બદલાઈ ગઈ.

૧૦ જૂનની રાત્રે શુભમ હીરાવાડી ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે આરોપી વિજય રાજપૂત, સુરેન્દ્ર ચૌહાણ અને આકાશ રાઠોડે તેને આંતરી લીધો હતો. જૂની અદાવતને લઈને બોલાચાલી ઉગ્ર બનતા આરોપીઓએ શુભમ પર છરી અને લાકડાના ડંડા વડે હુમલો કર્યો હતો. ગંભીર ઈજાગ્રસ્ત શુભમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર મળે તે પહેલાં જ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટના બાદ ત્રણેય આરોપીઓ વતન તરફ ભાગી ગયા હતા. જોકે, બાપુનગર પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને ચોક્કસ બાતમીના આધારે બે આરોપીમાં વિજય ઉર્ફે શાલુ શ્યામવીર રાજપૂત અને સુરેન્દ્ર ઉર્ફે ચૌહાણની પોલીસે ધરપકડ કરી છે, જ્યારે ફરાર આકાશ રાઠોડની શોધખોળ ચાલુ છે. સમગ્ર મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજકોટમાં કાયદો અને વ્યવસ્થા ખાડે ગઈ

# રેસકોર્સ ગ્રાઉન્ડની ફૂડ કોર્ટમાં લારીવાળાઓ વચ્ચે ધીંગાણું

રાજકોટ , તા.૧૫

રાજકોટ શહેરમાં જાણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સાવ કથળી ગઈ હોય અને ગુનેગારોને ખાખી વર્દીનો કોઈ જ ભય ન રહ્યો હોય તેવો ડરામણો માહોલ ઊભો થયો છે. રંગીલા રાજકોટમાં છેલ્લા કેટલાક સમયથી લૂંટ, ચોરી, હત્યા અને ખૂની હુમલા જેવા ગંભીર બનાવો છાસવારે અને નિરંતર બની રહ્યા છે. ગુનેગારો અને અસામાજિક તત્વો એટલા બેફામ બની ગયા છે કે તેમને કાયદાનો કે પોલીસનો કોઈ જ ડર રહ્યો નથી. અવારનવાર જાહેર વિસ્તારો, વ્યસ્ત ચોક, બગીચાઓ અને છેક સિવિલ હોસ્પિટલના પ્રાંગણમાં પણ મારામારી અને ખૂની હુમલાના બનાવો ખુલ્લેઆમ બની રહ્યા છે, જે શહેરની સુરક્ષા વ્યવસ્થા અને પોલીસની કામગીરી સામે મોટા સવાલો ઊભા કરે છે.

આ કથળતી કાયદાકીય પરિસ્થિતિ વચ્ચે વધુ એક શરમજનક ઘટના રાજકોટ શહેરનું હૃદય ગણાતા અને લોકોના આકર્ષણના કેન્દ્ર સમાન રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે બની છે. રેસકોર્સ ગ્રાઉન્ડની અંદર આવેલી ફૂડ કોર્ટ અને લારીબજારમાં ભારે હોબાળો મચી ગયો હતો. રોજ હજારો નાગરિકો, મહિલાઓ અને બાળકો જ્યાં હળવાશની પળો માણવા અને પરિવાર સાથે શાંતિથી સમય વિતાવવા આવે છે, તે સ્થળ અચાનક જ અસામાજિક તત્વોના રણમેદાનમાં ફેરવાઈ ગયું હતું. જાહેર સ્થળો પર સુરક્ષાના દાવાઓ વચ્ચે સર્જાયેલા આ દ્રશ્યોએ સામાન્ય નાગરિકોમાં ભયનો માહોલ ઉભો કરી દીધો છે.

ફૂડ લારીઓ ચલાવતા વેપારીઓ વચ્ચે ધંધાના વર્ચસ્વ અને ગ્રાહકોને પોતાની તરફ ખેંચવાની સામાન્ય બાબતે જોરદાર નડખોથ થયો હતો, જે જોતજોતામાં અત્યંત ઉગ્ર સ્વરૂપ ધારણ કરી ચૂક્યો હતો. લારીધારકો વચ્ચેની આ ખેંચતાણ અને બબાલ એટલી હદે વણસી ગઈ કે ત્યાં હાજર નિર્દોષ નાગરિકો અને આસપાસના લોકોમાં પણ જીવના જોખમે ભારે દોડધામ મચી ગઈ હતી. બનાવની જાણ થતાં જ સંબંધિત પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને મામલો થાળે પાડવાની તજવીજ હાથ ધરી હતી. પરંતુ, શહેરીજનોનો હવે એ જ વેધક સવાલ છે કે શું પોલીસ માત્ર ઘટના બન્યા પછી મામલો થાળે પાડવા જ આવશે કે પછી આવા તત્વો સામે કડકમાં કડક અને દાખલારૂપ કાર્યવાહી કરી શહેરમાં ફરીથી કાયદાનો ડર પ્રસ્થાપિત કરશે?



ગુનેગારોને ખાખીનો કોઈ ખોફ જ નથી રહ્યોઃ જાહેર સ્થળો, બગીચાઓ અને સિવિલ હોસ્પિટલ સુધી ખૂની ખેલ, ગ્રાહકોને ખેંચવાની હરીફાઈમાં મચી દોડધામ


### જાહેર નોટીસ

હું નીચે સહી કરનાર ધારુનાથ છોટુનાથ પરમાર, ધર્મ – હિંદુ, ઉ.વ.૨૭, ધંધો-મજુરી, રહે વાડી વિસ્તાર, વાદી વસાહત, મુ. પારેવાળા, તા.જિ.રાજકોટ આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે..
અમારા પુત્ર રોહિત ધારૂનાથ પરમારનો જન્મ તા.૦૨/૦૪/૨૦૨૪ના રોજ વાડી વિસ્તાર, વાદી વસાહત, મુ. પારેવાળા, તા.જિ. રાજકોટ ખાતે અમોના નિવાસ સ્થાને થયેલ છે. જેથી અમોએ જન્મ-મરણ નોંધણી દ્વારા ૧૯૬૯ની કલમ –૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવવા અંગે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી, રાજકોટ તાલુકા, જૂની કલેકટર કચેરી, કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ તા. ૧૨/૦૬/૨૦૨૬ના રોજ દાદ મળવા એડવોકેટ શ્રી હસમુખ એસ. પરમાર મારફત અરજી કરેલ છે. જે અરજીના આધારે મામલતદાર કચેરી, રાજકોટ તાલુકાના જન્મ મરણ રજીસ્ટર નંબર----૨૦૨૬થી દાખલ કરવામાં આવેલ છે.
જેથી આ અંગે જણાવવાનું કે આ જન્મ નોંધ સબંધે કોઈ પણ ઈસમોને વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિવસ – 30 માં લેખિત આધાર પુરાવા સાથે એક્ઝીક્યુટીવ અને મામલતદારશ્રી, રાજકોટ તાલુકા સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ
તા. ૧૨ જૂન, ૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી (અવાચ્ય)

### જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર રાજેશભાઈ ગણેશભાઈ બાબરિયા, ધર્મ હિંદુ, ઉ.વ.૪૦, ધંધો-મજુરી, રહે. મુ. બેડી(વાછકપર) તા.જિ.રાજકોટ આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે,
અમારા બેન લક્ષ્મીબેન ગણેશભાઈ બાબરિયાનું તા. ૦૯/૧૧/૨૦૦૭ના રોજ ઉપરોક્ત નિવાસ સ્થાન મુ.બેડી(વાછક્પર), તા.જિ. રાજકોટ ખાતે કુદરતી અવસાન થયેલ છે. જેથી અમોએ જન્મ-મરણ નોંધણી દ્વારા ૧૯૬૯ કલમ – ૧૩(૩) મુજબની મરણની નોંધણી કરાવવા અંગે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી, રાજકોટ તાલુકા, જૂની કલેકટર કચેરી, કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ તા. ૦૬.૦૫.૨૦૨૬ ના રોજ દાદ મળવા એડવોકેટ શ્રી હસમુખ એસ. પરમાર મારફત અરજી કરેલ છે. જે અરજીના આધારે મામલતદાર કચેરી, રાજકોટ તાલુકાના જન્મ મરણ રજીસ્ટર નંબર ૧૧/૨૦૨૬થી દાખલ કરવામાં આવેલ છે.
જેથી આ અંગે જણાવવાનું કે, આ મરણ નોંધ સંબંધે કોઈપણ ઈસમોને વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિવસ – 30માં લેખિત આધાર પુરવા સાથે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી રાજકોટ તાલુકા સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ
તા. ૧૨ જૂન, ૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી (અવાચ્ય)

### જાહેર નોટીસ

હું નીચે સહી કરનાર સંજયનાથ પોપટનાથ સોલંકી, ધર્મ હિંદુ, ઉ.વ.૨૩, ધંધો મજુરી, રહે. વાડી વિસ્તાર, વાદી વસાહત, મુ. પારેવાળા, તા.જી.રાજકોટ આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે,
અમો સંજયનાથ પોપટનાથ સોલંકીનો જન્મ તા.૧૫.૦૪.૨૦૦૩ના રોજ વાડી વિસ્તાર, વાદી વસાહત, મુ. પારેવાળા, તા. જી. રાજકોટ ખાતે અમોના નિવાસ સ્થાને થયેલ છે. જેથી અમોએ જન્મ-મરણ નોંધણી ધારા – ૧૯૬૯ની કલમ –૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરાવવા અંગે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી, રાજકોટ તાલુકા, જૂની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ તા.૦૭.૦૫.૨૦૨૬ ના રોજ દાદ મળવા એડવોકેટ શ્રી હસમુખ એસ. પરમાર મારફત અરજી કરેલ છે. જે અરજીના આધારે મામલતદાર કચેરી, રાજકોટ તાલુકાના જન્મ મરણ રજીસ્ટર નંબર ૧૨/૨૦૨૬ થી દાખલ કરવામાં આવેલ છે. જેથી આ અંગે જાણવાનું કે આ જન્મ નોંધ સબંધે કોઈપણ ઈસમોને વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિવસ – 30માં લેખિત આધાર પુરવા સાથે એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી, રાજકોટ તાલુકા સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ
તા. ૧૨ જૂન, ૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી (અવાચ્ય)

વધુ એક ક્રુર હત્યા થઈઃ વધુ એક વખત આડાસંબંધની આશંકામાં લોહી રેડાયું

# કુટુંબી ભાઈએ યુવાનને પતાવી દીધો

## ગામ મુકી પત્નિને લઇ બીજા ગામમાં રહેવા ગયો તો પિતરાઇ ભાઇ ત્યાં પણ પાછળ આવતાં ક્રોધીત થઇ સગાઓનો સાથ લઇ પતાવી દીધોઃ પોલીસે ચાર આરોપીને દબોચી લીધા

રાજકોટઃ તા. ૧૫

હત્યાની વધુ એક ઘટનામાં આડાસંબંધો કારણભુત બન્યા છે. એક યુવાનની ક્રુર હત્યા કરાયેલી લાશ રોડ પરથી મળી આવી હતી. આ ઘટનામાં પોલીસે ભેદ ઉકેલી હત્યારાને ઝડપી લીધો છે. પોતાની પત્નિ સાથે આડાસંબંધ હોવાની શંકા હોઇ યુવાને પોતાના જ કુટુંબી-પિતરાઇ ભાઇને બીજા સગાનો સાથ લઇને પતાવી દીધો હતો. ભાવનગરથી યુવાન પત્નિને લઇ સુરત રહેવા આવી ગયો હતો, અહિ પણ પિત્રાઇ ભાઇ પહોંચી જતાંઆ યુવાન ક્રોધીત થઇ ગયો હતો અને હત્યા કરી નાંખી હતી. વિગતો પર નરજ કરીએ તો સુરત શહેરના પુણાગામ તળાવના મેઇન ગેટ પાસે બનેલી ચારી અને ભયાનક હત્યાની ઘટનાનો સુરત શહેર ક્રાઈમ બ્રાંચે ગણતરીના કલાકોમાં પર્દાફાશ કર્યો હતો.. પુણા વિસ્તારમાં એસએમસી ગાર્ડન પાસે લોહીલુહાણ હાલતમાં મળી આવેલી કરણ વિક્રમભાઈ વાઘેલાની લાશના ગુનામાં ક્રાઈમ બ્રાંચે ગણતરીના કલાકોમાં તમામ કડીઓ જોડીને હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે. આ મર્ડર પાછળ પત્નિ સાથેના અનૈતિક સંબંધોની આશંકા અને કૌટુંબિક અદાવત મુખ્ય કારણ હોવાનું સામે આવ્યું હતી. સુરત ક્રાઈમ બ્રાંચે સઘન તપાસ હાથ ધરીને આ સમગ્ર ગુનાના મુખ્ય સૂત્રધાર અને મૃતકના પિતરાઈ ભાઈ અજીત ભરતભાઈ વાઘેલા સહિત તેના સસરા જયંતીભાઈ પરમાર, મિત્ર રાહુલ પરમાર અને વીરભાઈ વાઘેલા એમ કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી લીધી હતી.

પોલીસ સુત્રોએ આ ઘટનાની વિગતો આપતા કહ્યું કે સુરતના પુણાગામ તળાવના મેઈન ગેટ પાસે સાંજે સાડા સાત વાગ્યાની આસપાસ એક અજાણ્યા યુવકની લાશ મળી આવી હતી. સ્થાનિક લોકો દ્વારા પોલીસને જાણ કરાતા પુણા પોલીસ સ્ટેશનની ટીમ અને ક્રાઈમ બ્રાંચ ઉચ્ચ અધિકારીઓ સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. -ાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃતક યુવકના શરીર પર તીક્ષ્ણ હથિયાર અને ભારે પદાર્થો વડે ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો. મરણજનારના ગળાની જમણી બાજુ, છાતીની બંને બાજુ તેમજ શરીરના વચ્ચેના ભાગે ઉપરાઉપરી -ાણઘાતક ઘા મારીને કરપીણ મોત નીપજાવવામાં આવ્યું હતું.

આ અજાણ્યા હત્યારાઓ વિરૂદ્ધ પુણા



પોલીસ મથકમાં ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો. સુરત ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ભાવેશ રોઝિયાના સીધા માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચની ટીમોએ આ અંધારપટ ગુનાનો ભેદ ઉકેલવા કમર કસી હતી. શરૂઆતમાં આ ડેડ બોડી અજાણી હતી અને મર્ડર પણ તદ્દન અનડિટેક્ટ હતું. લોકલ પોલીસ અને ક્રાઈમ બ્રાંચે સંયુક્ત રીતે સીસીટીવી ફટેજ અને ટેકનિકલ સર્વેલન્સની મદદ લીધી હતી. આ હ્યુમન ઈન્ટેલિજન્સ વર્કઆઉટ દરમિયાન સૌથી મોટી સફળતા એ મળી કે મૃતકની ઓળખ કરણ વિક્રમભાઈ વાઘેલા તરીકે થઈ હતી, જે મુળ ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના બુઢણા ગામનો વતની હતો.

મૃતકની ઓળખ થતાં જ પોલીસની તપાસની દિશા એકદમ સ્પષ્ટ બની ગઈ હતી અને તેના વતનના કનેક્શન તપાસવાનું શરૂ કરવામાં આવ્યું હતું. પકડાયેલા આરોપીઓની આકરી પૂછપરછ અને તપાસમાં જે હકીકત સામે આવી તે ચોંકાવનારી હતી. મરણજનાર કરણ વાઘેલા અને મુખ્ય આરોપી અજીત વાઘેલા બંને ભાવનગરના બુઢણા ગામના વતની હતા અને સંબંધમાં પિતરાઈ ભાઈઓ થતા હતા. કરણ વાઘેલાને પોતાના જ પિતરાઈ ભાઈ અજીત વાઘેલાની પત્ની સાથે અનૈતિક સંબંધો હોવાની પાકી આશંકા અજીતને હતી. આ સંબંધોની આશંકા અને બાબતોને લીધે બંને વચ્ચે અગાઉ પોતાના વતનમાં પણ અવારનવાર ઉગ્ર ઝઘડાઓ અને બોલાચાલી થઈ હતી.

પારિવારિક વિખવાદ અને બદનામીથી બચવા તેમજ પત્નિને કરણથી દૂર રાખવા માટે અજીત દશેક દિવસ પહેલા જ સુરત ખાતે કાપોદ્રા વિસ્તારમાં રહેતા પોતાના સસરા જયંતીભાઈ પરમારના ઘરે રહેવા માટે આવી ગયો હતો. જોકે, અજીત સુરત આવી ગયો હોવા છતાં કરણ વાઘેલા તેની પત્નીને મળવા માટે ફરીથી ભાવનગરથી સુરત આવવા નીકળ્યો હોવાની જાણ અજીતને તેના વતનમાંથી થઈ હતી. આ દરમિયાન સાંજે કરણ વાઘેલા સુરતના પુણાગામ તળાવના મેઈન ગેટ પાસે આવી પહોંચ્યો હતો. ત્યાંથી પસાર થતાં અજીતના મિત્ર રાહુલ પરમારે કરણને ગાર્ડન પાસે જોયો હતો. રાહુલે વિલંબ કર્યા વગર તુરંત જ પિતરાઈ ભાઈ અજીત વાઘેલાને ફોન કરીને આ અંગેની જાણ કરી હતી.

આ સાંભળતા જ અજીતનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો અને તેણે કરણનો કાંટો કાઢી નાખવા માટે તાબડતોબ પોતાના સગા-સંબંધીઓ અને મિત્રોને હથિયારો સાથે પુણા તળાવ પાસે ભેગા થવા કહી દીધું હતું. મુખ્ય આરોપી અજીત વાઘેલાના જણાવ્યા અનુસાર, તેણે તેના માસીયાઈ ભાઈ વીર વાઘેલા, સસરા જયંતીભાઈ પરમાર અને અન્ય મિત્રોને પુણા તળાવ પાસે બોલાવી લીધા હતા. બધા લોકો છરી, લાકડાના ધોકા અને લોખંડની પાઇપ જેવા -ાણઘાતક અને તીક્ષ્ણ હથિયારો સાથે સજ્જ થઈને એકસંપ થઈને ઘટનાસ્થળે ધસી આવ્યા હતા. કરણ કંઈ સમજે તે પહેલા જ આ ટોળકીએ તેના પર ઘાતકી હુમલો કરી દીધો હતો. ગળા અને છાતીના ભાગે ઉપરાઉપરી છરીના ઘા ઝીંકી દેવામાં આવ્યા હતા અને ધોકા-પાઇપ વડે ફટકારીને તેને ત્યાં જ લોહીલુહાણ હાલતમાં મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો.

કરણનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજતાં તમામ આરોપીઓ ત્યાંથી અંધારાનો લાભ લઈને ભાગી છૂટ્યા હતા. હત્યા ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપીઓ નાસી છૂટ્યા હોવાથી સુરત ક્રાઈમ બ્રાંચની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. ટેકનિકલ એનાલિસિસના આધારે લોકેશન ટ્રેસ કરતાં માલૂમ પડ્યું કે આરોપીઓ સુરત છોડીને વતન તરફ ભાગી રહ્યા છે. જેથી ક્રાઈમ બ્રાંચની ટીમોને તાત્કાલિક ભાવનગર અને અમરેલી જિલ્લાઓમાં રવાના કરવામાં આવી હતી. સ્થાનિક પોલીસના સહયોગ અને હ્યુમન ઈન્ટેલિજન્સના સચોટ નેટવર્કને કારણે ક્રાઈમ બ્રાંચે અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના કુતાણા ગામમાંથી તેમજ સુરતના કાપોદ્રા ખાતેથી ગણતરીના કલાકોમાં આ ચારેય આરોપીઓને દબોચી લીધા હતા. આમ આડાસંબંધની આશંકામાં વધુ એક લોથ ઢળી હતી. પોલીસે અજીત ભરતભાઈ વાઘેલા, વીર વાયકુશભાઈ વાઘેલા, જયંતી ઝીણાભાઈ પરમાર અને રાહુલ લક્ષ્મણભાઈ પરમારની ધરપકડ કરી હતી.

તમારા સીમ કાર્ડનો દુરૂપયોગ કરી કરોડના ગેરકાયદે વ્યવહાર થયા છે, તમે પણ લાખો કમાયા છો કહી ડરાવ્યા

# નિવૃત અધિકારીને ડીજીટલ એરેસ્ટ કરી દોઢ કરોડ પડાવ્યા

## સાયબર ગઠીયાઓએ કડક સુચના આપી કે પત્નિ કે કામવાળી સાથે પણ વાત કરવી નહિઃ દોઢ કરોડ આપી દીધા પછી વધુ એફડી તોડવા બેંક ખાતે જતાં શંકા ઉપજીઃ સાબયર ક્રાઈમે અગીયાર લાખ છત્રીસ હજાર પરત મેળવી આપ્યા

રાજકોટઃ તા. ૧૫

સાયબર ગઠીયાઓ વધુ એક વખત ડીજીટલ એરેસ્ટનો તુક્કો અજમાવી મોટી રકમ પડાવી લેવામાં સફળ થયા છે. એક નિવૃત અધિકારી વૃધ્ધને અઢાર દિવસ સુધી બંધક બનાવી દોઢ કરોડ રૂપિયા પડાવી લેવાયા છે. ઇન્સ્યોરન્સ કંપનીના નિવૃત અધિકારીને સીબીઆઇ, પોલીસ, જજનો ડર-ભય બતાવી આ રકમ પડાવી લેવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરમાં વાસણા રોડ પર હરીનગર ખાતે રહેતા એક ઇન્સ્યોરન્સ કંપનીના નિવૃત્ત અધિકારીને ડરાવી ધમકાવી ડિજીટલ એરેસ્ટ કરી વેરિફિકેશનના બહાને નિવૃત્ત અધિકારી પાસેથી આશરે ૧.૫૯ કરોડની માતબર રકમ પડાવી લેવામાં આવી હોવાની ચોંકાવનારી ફરિયાદ સાયબર સેલ મથકે નોંધાતા તપાસ શરૂ થઇ છે. ભોગ બનનાર અતુલ કાશીદેવે પોલીસને જણાવ્યું કે તેમના મોબાઈલ પર ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી માંથી માનવ



શર્મા નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો. તેણે જણાવ્યું કે, મહારાષ્ટ્રમાંથી તમારા નામે ઇસ્યુ થયેલા સીમકાર્ડનો ગેરકાયદે પ્રવૃત્તિઓમાં ઉપયોગ થઈ રહ્યો છે.

જેથી તમારે ક્રાઈમ બ્રાન્ચના અધિકારી ઈન્દ્રજીત રાણા પાસેથી ક્લિયરન્સ સર્ટિફિકેટ લેવું પડશે. જ્યારે અતુલભાઈએ ઈન્દ્રજીત સાથે વાત કરી ત્યારે તેણે ડરાવી-ધમકાવીને તેમના અન્ય બેંક ખાતાની વિગતો મેળવી લીધી હતી.ત્યારબાદ આ કેસમાં સીબીઆઈ ના નામે વિજય પ્રકાશ નામના વ્યક્તિની એન્ટ્રી થઈ હતી. તેણે અતુલભાઈને ધમકાવતા કહ્યું કે નરેશ રોયલ નામના ગુનેગારે તમારા નામે બેંક એકાઉન્ટ ખોલાવીને ૫૩૮ કરોડના ગેરકાયદે વ્યવહારો કર્યા છે અને અલગ-અલગ ૨૪૨ બેંક ખાતા ખોલ્યા છે. આ કૌભાંડમાં કમિશન પેટે તમને પણ રૂપિયા પચ્ચીસ લાખ મળ્યા છે. ઠગોએ સ્કાઇપ કે વીડિયો કોલ મારફતે અતુલભાઈને નકલી એફઆઈઆર, સીબીઆઈ અને સુ-ીમ કોર્ટની બોગસ નોટિસો મોકલી હતી.

તેમણે ધમકી આપી હતી કે જો તેઓ સહકાર નહીં આપે તો તેમને સાત વર્ષની જેલ થશે અને સમાજમાં તેમની આબરૂ ધૂળમાં મળી જશે. કોર્ટ કાર્યવાહી અને પ્રોપર્ટી ઇન્સ્પેક્શનના નામે તેમને ઘરમાં જ 'ડિજિટલ એરેસ્ટ' કરી દેવાયા હતા. ઠગોએ અતુલભાઈ પર પૂરતો સાયકોલોજિકલ -ેશર બનાવ્યો હતો. તેમને ઘરના બારી-બારણાં બંધ રાખવા, પત્નીને પણ સાથે બેસાડી રાખવા અને કામવાળી કે અન્ય કોઈ પણ સગા-સંબંધીને આ અંગે વાત ન કરવા કડક સૂચના આપી હતી. એટલું જ નહીં દર બે કલાકે વીડિયો કોલ કરીને પોતાની હાજરી પુરાવવાનો પણ આદેશ આપ્યો હતો.

ડરના માર્યા નિવૃત્ત અધિકારીએ પોતાની તમામ બેંક એફડી અને સેવિંગ્સ એકાઉન્ટમાંથી કુલ ૧.૫૯ કરોડ ઠગોના ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા. જ્યારે અતુલભાઈ વધુ રકમ ઉપાડવા અને એફડી તોડવા બેંક પહોંચ્યા, ત્યારે બેંક સત્તાવાળાઓને શંકા ગઈ હતી. તેમણે તાત્કાલિક અતુલભાઈની પુત્રીને આ શંકાસ્પદ વ્યવહારોની જાણ કરી. પુત્રીએ જ્યારે પિતાને ફોન કર્યો ત્યારે પિતાએ પોતે ડિજિટલ એરેસ્ટ હોવાનું જણાવ્યું હતું. પુત્રી તરત જ સમજી ગઈ કે આ એક મોટું ફ્રોડ છે અને તેણે તાત્કાલિક સાયબર સેલનો સંપર્ક કર્યો હતો.

સાયબર સેલની ત્વરિત કાર્યવાહીને કારણે બેંક એકાઉન્ટ હોલ્ડ થતાં કોર્ટ મારફતે ૧૧.૩૬ લાખ પરત મેળવવામાં સફળતા મળી હતી. હાલ સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આમ સાયબર ગઠીયાઓએ વધુ એક વખત વૃધ્ધને ડરાવી ધમકાવી જેલમાં પુરી દેવાની ધમકીઓ દઇ અઢાર દિવસ સુધી ડિજીટલ એરેસ્ટ કરી મરણમુડી સમાન દોઢ કરોડ ઉસેડી લેતાં ચકચાર મચી ગઇ છે. પોલીસ સતત કહે છે કે આવા કોઇપણ પ્રકારના ફોન આવે મેસેજ આવે તો ડરો નહિ. ડીજીટલ એરેસ્ટનો કોઇ કાયદો અસ્તિત્વમાં જ નથી.

હવસખોર શખ્સની શૈતાનીયત જાણી લોકોએ વરસાવ્યો ફીટકાર

# માનસિક અસ્થિર બાળા સાથે પાડોશી ઢગાનો બળાત્કાર

રાજકોટઃ તા. ૧૫

દૂષ્કર્મ, છેડતી, પજવણીની રોજબરોજ સામે આવતી ઘટનાઓ વચ્ચે વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં એક હવસખોર શૈતાનીયત પર ઉતરી આવ્યો હતો અને કોઇ નહિ તો અસ્થિર મગજની સગીરાને હવસખોરીનો શિકાર બનાવી લીધી હતી. એક સંતાનના બાપ એવા આ હવસખોર સામે પોલીસ ફરિયાદ થતાં પોલીસે તત્કાળ કાર્યવાહી કરી આ શૈતાનને દબોચી લઇ હવસખોરી ઉતારી નાંખી હતી.

> એક સંતાનનો બાપ ભાન ભુલ્યોઃ બાળાએ મોટી બહેનને વાત કરતાં પોલીસ સુધી ઘટના પહોંચીઃ પોલીસે હવસખોરી ઉતારી નાંખી

વિગતો પર નજર કરીએ તો સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં માનવતાને શરમાવે તેવી એક ગંભીર ઘટના સામે આવી છે. બારડોલી ગ્રામ્ય પોલીસ મથકની હદમાં એક અસ્થિર મગજની સગીરાની અસહાયતાનો લાભ લઈને પાડોશમાં રહેતા યુવકે દુષ્કર્મ આચર્યું હોવાનો આરોપ સામે આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આરોપીની ધરપકડ કરી હતી.વધુ માહિતી આપતાં પોલીસ સુત્રોએ કહ્યું કે આશરે ત્રીસ વર્ષીય આરોપી યુવક સગીરા અને તેના પરિવારની પરિસ્થિતિથી વાકેફ હતો. સગીરાના પિતા પણ માનસિક રીતે અસ્થિર હોવાનું કહેવાય છે. આ સ્થિતિનો ગેરલાભ ઉઠાવી આરોપીએ રાત્રિના સમયે સગીરાના ઘરમાં -વેશ કરીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાનો આરોપ મુકાયો હતો. ઘટનાનો ભેદ ત્યારે ખુલ્યો જ્યારે સગીરાને શંકાસ્પદ હાલતમાં જોઈ પાડોશીઓએ તેની મોટી બહેનને જાણ કરી હતી. બહેને સગીરાની પૂછપરછ કરતાં સમગ્ર ઘટના સામે આવી હતી. ઘટનાની માહિતી મળતા જ સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ ફેલાયો હતો અને આરોપી સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી હતી. બનાવની જાણ થતાં બારડોલી ગ્રામ્ય પોલીસ તાત્કાલિક હરકતમાં આવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન. જાડેજાના માર્ગદર્શન હેઠળ ટીમે ઝડપી તપાસ હાથ ધરી હતી અને ગણતરીની કલાકોમાં જ આરોપીની ધરપકડ કરી લીધી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આરોપી પરિણીત છે અને એક સંતાનનો પિતા પણ છે. આ હવસખોરે માનસિક અસ્થિર બાળા સાથે બળજબરી આચરી લીધાની વાત વાયુવેગે ફેલાઇ જતાં લોકો તેના પર ફીટકાર વરસાવી રહ્યા છે.આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. પોતાના જ પાડોશમાં રહેતી અને માનસિક રીતે અસ્થિર સગીરાને નિશાન બનાવવાની ઘટનાને લઈને લોકોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. હાલ પોલીસે પોકસો સહિતની સંબંધિત કાયદાકીય જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. આવી ઘટનાઓ રોજબરોજ બની રહી છે. અનેક હવસોખોરો ભાન ભુલીને ન કરવાનું કરી રહ્યા છે. ઘણીવાર તો સાવકો બાપ પણ શૈતાન બની જાય છે, તો ક્યારેક સાવકો ભાઇ બહેનને હવસખોરીનો શિકાર બનાવતો રહે છે. સમાજમાં આવા અનેક શૈતાનો વસવાટ કરતાં હોય છે.

પારકા તો ઠીક ઘણીવાર ઘરના પણ કરતાં હોય છે ખરાબ દ્રષ્ટીઃ એક ચોંકાવનારી ઘટના

# નાના ભાઈની પત્નિ સાથે સંબંધ બાંધવા દબાણ

## બળજબરીનો પ્રયાસ કરનાર જેઠ પર વળતો હુમલો થતાં દાંત તુટી ગયોઃ પોલીસે સામ-સામે એફઆઈઆર દાખલ કરીઃ બીજી ઘટનામાં સગીરા સાથે દુષ્કર્મ આચરનારાને વીસ વર્ષની સખત કેદની સજા

રાજકોટઃ તા. ૧૫

હવસખોરીના કિસ્સા રોજબરોજ સામે આવતાં રહે છે. દરમિયાન એક ચોંકાવનારી ઘટનામાં એક જેઠે નાના ભાઇની પત્નિ સાથે શારીરિક સંબંધ બાંધવાનો પ્રાયસ કર્યો હતો. આ કિસ્સામાં મહિલાએ પ્રતિકાર કરતાં તેણીને જેઠે મારકુટ કરી હતી અને નાના ભાઇને પણ માર મારી લીધો હતો. આ કારણે ઘટના પોલીસ સુધી પહોંચતાં એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી. બીજી એક ઘટનામાં સગીરા સાથે દુષ્કર્મ આચરનારા હવસખોરને અદાલતે વીસ વર્ષની કેદની સજા ફટકારી હતી. આ કેસમાંઘેનની ગોળી પીવડાવી અશ્લીલ ફોટા વિડીયો લઇ બ્લેકમેઇલ કરીને દૂષ્કર્મ આચરાયું હતું.

પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો વલસાડ શહેરમાં કૌટુંબિક વિવાદને કારણે એક દંપતી પર હુમલો થયો છે. જેઠે નાનાભાઈની પત્નિ સાથે શારીરિક સંબંધ બાંધવાનો પ્રયાસ કર્યો હતો. મહિલાએ ઇનકાર કરતા જેઠે દંપતી પર હુમલો કર્યો, જેમાં બંને ગંભીર રીતે ઘાયલ થયો હતો. વલસાડ સિટી પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ અનુસાર, આ ઘટનામાં ફરિયાદી મહિલા છવ્વીસ વર્ષની પરિણીતા તેમના પતિ સાથે ટેરેસ પરથી વોશરૂમ જવા નીચે ઉતર્યા હતા. તે સમયે તેમના જેઠે તેમને પાછળથી પકડી શારીરિક સંબંધ બાંધવા દબાણ કર્યું હતું. મહિલાએ ઇનકાર કરતા તેનો જેઠ ઉશ્કેરાઈ ગયો હતો. તેણે મહિલાને પેટ અને છાતીના ભાગે લાતો મારી, જેના કારણે તેમના નાકમાંથી લોહી નીકળવા લાગ્યું.

ત્યારબાદ જેઠે તેમને ધમકી આપી કે 'તું મારી નહીં હોય તો કોઈની નહીં થવા દઉં. તેણે મહિલાને ઘરની બહાર ઢસડીને લઈ જતી વખતે તેમનો નાઈટ ડ્રેસ ખેંચી લીધો હતો અને 'હું તને નગ્ન કરીને રોડ પર મારીશ' તેવી ધમકી આપી હતી. આ દરમિયાન, મહિલાની જેઠાણી અને કાકી સાસુ પણ ત્યાં આવ્યા હતા અને મહિલાને માર માર્યો હતો. પોતાની પત્નીને બચાવવા આવેલા નાના ભાઈને પણ આરોપી જેઠે લાકડાના પાટલા વડે માથા અને છાતીના ભાગે ફટકાર્યો હતો. આ હુમલામાં દંપતીને ગંભીર ઈજાઓ થઈ હતી.

ઈજાગ્રસ્ત દંપતીને ચાર દિવસ સુધી



સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. આ ઘટના બાદ મોટા જેઠે પણ પણ વળતી ફરિયાદ નોંધાવી છે. જેઠની ફરિયાદ મુજબ તેઓ પોતાની પત્નિને પાણી લાવવા માટે અવાજ આપી રહ્યા હતા. ત્યારે નાનાભાઈની પત્નીએ વહેમ રાખીને મને કેમ બોલાવે છે કહીને ઝઘડો શરૂ કર્યો હતો. આ દરમિયાન, નાનોએ ત્યાં આવીને લોખંડ કે પ્લાસ્ટિકની ડોલ વડે મોટાભાઈના મોઢા પર પ્રહાર કર્યો, જેના કારણે જેઠને નીચેના દાંત હલવા લાગ્યા અને ઉપરનો દાંત છૂંદાઈ ગયો હતો. પોલીસે બંને પક્ષની ફરિયાદોના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ વાપીમાં સગીરા પર દુષ્કર્મ આચરનાર આરોપીને ૨૦ વર્ષની કેદની સજા ફટકારાઇ હતી. વાપીમાં સગીરા પર દુષ્કર્મ આચરવાના કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે આરોપી માનેલા મામા રાજકુમાર ઉર્ફે છોટુ ભોલાસિંગને વીસ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત, પીડિતાને ગુજરાત વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ હેઠળ ચાર લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો હતો. સ્પેશિયલ જજ ડો. એચ. એન. વકીલની અદાલતે સરકારી વકીલ અનિલ ત્રિપાઠી દ્વારા રજૂ કરાયેલા પુરાવા, સાક્ષીઓ અને વૈજ્ઞાનિક અહેવાલોને ધ્યાનમાં રાખીને ૨૬ વર્ષીય આરોપી રાજકુમાર ઉર્ફે છોટુ ભોલાસિંગને દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે આરોપી પર કુલ ૧.૨૧ લાખનો દંડ પણ ફટકાર્યો હતો. તપાસ દરમિયાન બહાર આવેલી વિગતો મુજબ, પીડિતાનો પરિવાર વાપીના મોરાઈ વિસ્તારમાં રહેતો હતો. પીડિતાની માતા આરોપીને રાખડી બાંધતી હોવાથી બાળકો તને મામા તરીકે ઓળખતા હતા. જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન માતા-પિતા નોકરીએ ગયા હતા ત્યારે આરોપીએ સગીરાને લસ્સીમાં ઘેનની ગોળી પીવડાવી બેભાન કરી હતી. આરોપીએ બેભાન સગીરા સાથે દુષ્કર્મ આચરી તેના મોબાઈલમાં અશ્લીલ ફોટા અને વીડિયો ઉતારી લીધા હતા. આ વીડિયો અને ફોટા વાયરલ કરવાની તેમજ ચહેરા પર એસિડ ફેંકવાની ધમકી આપીને આરોપી લાંબા સમય સુધી સગીરાનું શારીરિક અને માનસિક શોષણ કરતો રહ્યો હતો. પીડિતા ઉત્તર-દેશમાં પોતાના નાનાના ઘરે રહેવા જતી રહી હતી, તેમ છતાં આરોપી ત્યાં સુધી પહોંચીને તેને હેરાન કરતો રહ્યો હતો. એપ્રિલ ૨૦૨૧માં આરોપીએ પીડિતાના પરિવારજનો અને સગા-સંબંધીઓને અલગ-અલગ વ્હોટ્સએપ નંબર પરથી અશ્લીલ વીડિયો અને ફોટા મોકલી દીધા હતા. ત્યારબાદ પરિવાર દ્વારા વાપી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. કોર્ટે આરોપીને પોક્સો એક્ટની કલમ હેઠળ વીસ વીસ વર્ષની સખત કેદ, કલમ ૫૦૬ હેઠળ એક વર્ષની સજા તથા આઈટી એક્ટની કલમ હેઠળ પાંચ વર્ષની સજા ફટકારી છે. અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે તમામ સજાઓ આરોપીએ એક સાથે ભોગવવાની રહેશે. કોર્ટના આ ચુકાદાને બાળકી સામેના જાતીય ગુનાઓ સામે કડક સંદેશ આપતો મહત્વપૂર્ણ નિર્ણય માનવામાં આવી રહ્યો છે.

રૈયાધાર શાંતિનગર નજીક ક્રિકેટ ગ્રાઉન્ડમાં બેઠેલા મિત્રો પાસે જઇ માલવીયાનગર પોલીસના નામે ડરાવ્યા

# નકલી પોલીસ બની પચાસ હજારની ખંડણી માંગી!

## તમે રાતે અહિ પટમાં શું કામ બેઠા છો? અમે માલવીયાનગર પોલીસમાં છીએ કહી ડરાવતાં ત્રણ મિત્રો ભાગ્યા, એકને પકડી લઇ નાણા માંગ્યાઃ પરત આવેલા મિત્રોમાંથી એકે ઉલટ તપાસ કરી પ્રૌ પુછતાં બંને ડુપ્લા પોલીસ ભાગ્યાઃ યુનિવર્સિટી પોલીસે દબોચી લીધા

રાજકોટ,તા.૧૫

અમુક તત્વો પોલીસનો સ્વાંગ રચી લોકોને ડરાવી ધમકાવી પૈસા પડાવતાં હોય છે. આવો જ એક શખ્સ વારંવાર આવા ગુના કરવાની ટેવ ધરાવતો હતો જે છેલ્લે ગેંગ રેપના ગુનામા સંડોવાયો હતો. ત્યાં વધુ બે શખ્સોએ નકલી પોલીસ બની રાતે પટમાં બેસી વાતો કરી રહેલા મિત્રોને ડરાવી ધમકાવી પચાસ હજારની ખંડણી માંગી હતી અને જો પૈસા ન આપે તો કેસમાં ફસાવી દેવાની ધમકી દીધી હતી. પણ એક યુવાને તેની ઉલટ પુછતાછ કરતાં આ બંને ભાગી ગયા હતાં. યુનિવર્સિટી પોલીસ સુધી ઘટના પહોંચતા ગુનો દાખલ કરી આ બંનેને પકડી લીધા હતાં. હાલ તો એક ગુનો સામે આવ્યો છે, તપાસમાં બીજા ગુનાઓના ભેદ ખુલવાની આશા છે.



વિગતો પર નજર કરીએ તો મવડી વિસ્તારના યુવાન રૈયાધાર શાંતિનગર ગેઇટ નજીક ક્રિકેટ ગ્રાઉન્ડમાં રાતે મિત્રો સાથે બેઠો હતો ત્યારે બે શખ્સોએ ટુવ્હીલર પર આવી પોતે માલવીયાનગરના પોલીસ છે, અહિ કેમ રાતે બેઠા છો કહી ડરાવતાં યુવાનના મિત્રો ભાગી જતાં આ બંનેએ તેને પકડી લઇ તારે પોલીસ કેસ ન કરવો હોય તો પચાસ હજાર દેવા પડશે કહી ધમકાવતાં અને તેના મિત્રોને પાછા બોલાવવાનું કહેતાં પાછા આવેલા મિત્રોમાંથી એકને શંકા ઉપજતાં આ બંનેને યુનિવર્સિટી પોલીસની હદમાં માલવીયાનગર પોલીસ શું કરે છે? તેમ પુછી આઇકાર્ડ માંગતાં બંને ભાગી ગયા હતાં. પોલીસ સુધી ઘટના પહોંચતા બંનેને દબોચી લેવાયા હતાં. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે મવડી પ્લોટ મધુરમ્ સોસાયટી-૨ શ્રીકૃષ્ણ સ્કૂલની સામેની શેરીમાં રહેતાં અને વાવડીમાં ઘરઘંટીના બોક્સ બનાવવાના કારખાનામાં મજૂરી કરતાં કિરીટભાઇ મનસુખભાઇ પીઠડીયાનામના એકત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી આર્યન ફળદુ અને પરમરાજ માંજરીયા સામે ગુનો દાખલ કરાયો હતો.

આ કિસ્સામાં ભોગ બનેલા કિરીટભાઇ પીઠડીયાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે તે પરિવાર સાથે રહે છે અને કારખાનામાં મજૂરી કરે છે. ગત બારમીના રોજ રાત્રિના આશરે અગિયારેક વાગ્યે તેઓ તેમના મિત્રો નરેશભાઈ પાંચાલ, રવિભાઈ ચાવડા અને ભાર્ગવભાઈ જોગર સાથે રૈયાધાર શાંતિનગર ગેટથી આગળ સોપાન લક્ઝરીયસની પાછળ આવેલા ક્રિકેટ ગ્રાઉન્ડમાં બેઠા હતા.તે દરમિયાન બ્લુ કલરની ઓલા ઈલેક્ટ્રિક બેટરીવાળી મોટરસાયકલ પર બે અજાણ્યા શખ્સો ત્યાં આવ્યા હતા.

જેમાં મોટરસાયકલ ચલાવનારશખ્સે પોલીસના લોગોવાળું જેકેટ પહેરેલું હતું. તેણે કીરીટભાઈ અને તેના મિત્રોને ધમકાવીને કહ્યું કે- અમે પોલીસ છીએ, તમે અહીં ખુલ્લા પટ્ટમાં કેમ બેઠા છો? પોલીસ જોઈને ડરી ગયેલા યુવાનો ત્યાંથી ભાગવા લાગ્યા હતા, પરંતુ આ શખ્સોએ કીરીટભાઈને પકડી લીધા હતા. બાદમાં પોલીસના લોગોવાળુ જેકેટ પહેરેલા શખ્સે કિરીટભાઇને કહેલું કેહું માલવીયા પોલીસ સ્ટેશનમાંથી આવું છું. તારા મિત્રોને પાછા બોલાવ, નહિતર તમારી બંને મોટરસાયકલ ડિટેઈન કરી લઈશ અને તને પોલીસ સ્ટેશન લઈ જઈશ. જો તારે પોલીસ સ્ટેશન ન આવવું હોય અને માર ન ખાવો હોય તો રૂા. ૫૦,૦૦૦ આપવા પડશે તેમ કહી ધમકી આપી હતી.

> ❝ઝડપાયેલો એક શખ્સ જનસંપર્ક ૧૧૨માં ડ્રાઇવર તરીકે ભરતી થવા તૈયારી કરી રહ્યો હતોઃ તેની સાથેનો શખ્સ બેકારઃ અનેકને શિકાર બનાવ્યાની શંકાએ તપાસ❞

ડરી ગયેલા કીરીટભાઈએ તરત જ તેના મિત્ર નરેશભાઈને ફોન કરીને પરત બોલાવ્યા હતા. થોડી જ વારમાં તેના ત્રણેય મિત્રો ત્યાં આવી પહોંચ્યા હતા. જોકે, નરેશભાઈને આ બંને શખ્સોની હિલચાલ પર શંકા ગઈ હતી. તેમણે બંનેના નામ પુછતાં બાઈક ચાલકે પોતાનું નામ આર્યન ફળદુ અને તેની સાથેના ઇસમે પોતાનું નામ પરમરાજ માંજરીયા જણાવ્યું હતું. નરેશભાઇને શંકા ઉપજતાં તેણે આ શખ્સોની વધુ પુછતાછ કરી હતી કે-યુનિવર્સિટી રોડ વિસ્તારના ગ્રાઉન્ડમાં માલવીયા નગર પોલીસ શું કરે છે? આ સવાલ પુછી તેની પાસે પોલીસના આઇકાર્ડ પણ માંગતા આ બંને નાશી ગયા હતાં.

રાતનો સમય હોઇ કિરીટભાઇ અને તેના મિત્રો પણ ઘરે જતાં રહ્યા હતાં. બાદમાં બીજા દિવસે પોલીસને જાણ કરી હતી. યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઇ સી. એન. દવે સમક્ષ ઘટના વર્ણવતા તેમની સુચનાથી પીએસઆઇ વી. જી. ડોડીયાએ ગુનો નોંધ્યો હતો.

આ પછી ડી. સ્ટાફ ટીમે બંને આરોપી આર્યન ધીરજલાલ ફળદુ (રહે. મવડી પ્લોટ જલજીત સોસાયટી) અને પરમરાજ દિલીપભાઇ માંજરીયા (રહે. માધાપર પોસ્ટ ઓફિસ પાસે)ને સકંજામાં લઇ ધરપકડ કરી હતી. પ્રાથમિક પુછતાછમાં આર્યન ફળદુએ કહ્યું હતું કે તે ગાંધીનગર ખાતે જનરક્ષક સેવા-૧૧૨માં ડ્રાઇવર તરીકે ભરતી થવા પરિક્ષા આપવાની તૈયારી કરી રહ્યો છે.

જ્યારે પરમરાજ અગાઉ પ્રાઇવેટ કંપનીમાં નોકરી કરતો હતો, હાલ કંઇ કામ કરતો નથી. આ બંનેએ પોલીસના નામે બીજા કોઇને ડરાવી ધમકાવી પૈસા પડાવ્યા છે કે કેમ? તેની તપાસ થઇ રહી છે.

જો આવા કોઇ ભોગ બનનાર હોય તો પોલીસનો સંપર્ક કરવા જણાવાયું છે. પીએસઆઇ વી. જી. ડોડીયા, એએસઆઇ સુભાષભાઇ કુગશીયા, જગમાલભાઇ ખટાણા, હેડકોન્સ. વિરદેવસિંહ જાડેજા, પ્રતાપસિંહ મોયા, વિજુભા જાડેજા, મહિપાલસિંહ જાડેજા, ગોપાલસિંહ જાડેજા, કોન્સ. દિવ્યરાજસિંહ સુખદેવસિંહ, મૈસુરભાઇ કુંભારવાડીયા, દિવ્યરાજસિંહ ટેમભા, પ્રાદિત્યસિંહ ઝાલા, અક્ષયભાઇ ભાખર સહિતનો સ્ટાફે આરોપીઓને દબોચી લઇ વિશેષ તપાસ યથાવત રાખી હતી.

અજમેરા શાસ્ત્રીનગરમાં રહેતાં અધિકારી રજા પર ઘરે આવ્યા ત્યારે બનાવ બન્યો

# ઇજનેરને કહ્યું-એક બાપની ઓલાદ હો તો સમઢીયાળા આવ!

રાજકોટ,તા.૧૫

વારંવાર એવી ઘટનાઓ બને છે જેમાં અમુક લોકો રોડ રસ્તાના કામોને લઇને કે પછી જે તે કચેરીને લગતાં કામો બાબતે જે તે અધિકારીઓને ફોનથી કે રૂબરૂમાં જઇ રજૂઆતો કરે છે અને ઘણીવાર તેઓ અધિકારીઓ સાથે માથાકુટ પણ કરી બેસે છે. આવી જ એક ઘટના સામે આવી હતી જેમાં નાના મવા અજમેરા શાસ્ત્રીનગરમાં રહેતાં એક માર્ગ મકાન વિભાગના અધિક મદદનીશ ઇજનેરને એક શખ્સે ફોન કરી રોડના કામ બાબતે પુછી ગાળો ભાંડી ન કહેવાના શબ્દો કહી દીધા હતાં અને માથે જતાં ધમકી પણ આપી હતી.



ખાંભાની કચેરીના અધિકારીની તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદઃ તૌશીક નામના શખ્સે ફોનમાં જેમફાવે તેમ કહી માથે જતાં ધમકી આપી

વિગતો પર નજર કરીએ તો અમરેલીના ખાંભા તાલુકા પંચાયત કચેરીમાં માર્ગ મકાન વિભાગમાં અધિક મદદનીશ ઇનજેર તરીકે ફરજ બજાવતાં યુવાન રાજકોટ અજમેરા શાસ્ત્રીનગરમાં પોતાના ઘરે હતાં ત્યારે એક શખ્સે ફોન કરી સમઢીયાળાના બ્લોક રોડ બાબતે વાત કરી ક્યારે વિઝીટ પર આવો છો કહી જેમ ફાવે તેમ બોલી ગાળો દઇ ધમકી આપતાં ફરિયાદ થઇ છે. આ બનાવમાં તાલુકા પોલીસે નાના મવા અજમેરા શાસ્ત્રીનગર ઇ-૩૪૪માં રહેતાં અને અમરેલી જીલ્લાની ખાંભા તાલુકા પંચાયત કચેરીમાં માર્ગ મકાન વિભાગમાં બાંધકામ શાખામાં અધિક મદદનીશ ઇજનેર તરીકે એક મહિનાથી ફરજ બજાવતાં ત્રીસ વર્ષના તુષારભાઇ અશોકભાઇ કેશરીયા ની ફરિયાદ પરથી તૌશીક રાઠોડ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. તુષારભાઇના પિતાજી જીટીપીએલ કેબલ ઓપરેટર તરીકે કામ કરે છે.

આ બનાવ અંગે તુષારભાઇએ પોતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે તેમની મુખ્ય કામગીરી ખાંભા તાલુકા પંચાયત હેઠળ આવતા ગામડાઓમાં સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ મુજબ થતા કામોનું સુપરવિઝન અને બીલીંગ કરવાની છે. તેઓ ગત તારીખ અઠ્ઠાવીસ મેથી ત્રીસ મે સુધી રજા પર હોવાથી પોતાના ઘરે રાજકોટ આવ્યા હતા. આ દરમિયાન, તારીખ ત્રીસ અને એકત્રીસ મેના રોજ તેમના મોબાઈલ ફોન પર તૌશીક રાઠોડ નામના એક વ્યક્તિએ અવારનવાર ફોન કર્યા હતા.

આ શખ્સે ફોન કરીને મોટા સમઢીયાળા ગામે બ્લોક રોડના કામ બાબતે વાતચીત કરી હતી અને ઈજનેરને પૂછ્યું હતું કે-તમે વિઝીટ કરવા ક્યારે આવો છો? ત્યારબાદ આરોપી તૌશીક રાઠોડે અચાનક ઉશ્કેરાઈ જઈને ફરિયાદી સાથે અત્યંત અભદ્ર ભાષામાં વાતચીત શરૂ કરી દીધી હતી. તુષારભાઇએ તેને શાંતિથી વાત કરવા અને કોઈ રજૂઆત હોય તો લેખિતમાં જિલ્લા વિકાસ અધિકારી-ડીડીઓશ્રીને આપવા જણાવતાં આરોપી વધુ ઉશ્કેરાઈ ગયો હતો અને તુકારો આપતાં કહ્યું હતું કે-તારે જે થાય તે કરી લેજે... તું એક જ બાપની ઓલાદ હોય તો સમઢીયાળા આવ, તેમ કહી ધમકી આપી હતી.

આથી તુષારભાઇએ પોતે આ બાબતે પોલીસને અરજી કરશે તેમ કહેતાં તૌશીકે-તારે જ્યાં અરજી કરવી હોય ત્યાં કરી લેજે તેમ કહી ફોન કાપી નાંખ્યો હતો. આ ઘટના અંગે ફરિયાદીએ સૌ પ્રથમ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી, જેના આધારે તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં હેડકોન્સ. મયુરભાઇ ઠાકરે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે. આ બનાવમાં હાલ પોલીસે આરોપીને શોધી કાઢવા તજવીજ કરી હતી.

# બાળ સંરક્ષણ ગૃહમાંથી ભાગેલા ૧૧માંથી ૭ બાળકો મળી ગયાઃ હજુ ચારની શોધખોળ

## ક્રાઇમ બ્રાંચ સહિતની ટીમોએ લીંબડી, સુરેન્દ્રનગર, બોટાદ, નળસરોવર પાસેથી શોધી કાઢ્યા

રાજકોટ,તા.૧૫

શહેરના ગોંડલ રોડ પર ભક્તિનગર સ્ટેશન પ્લોટ વિસ્તારમાં આવેલા બાળ સંરક્ષણ ગૃહ એટલે કે ઓબ્ઝર્વેશન હોમમાંથી કાયદાના સંઘર્ષમાં આવેલા અગીયાર બાળ કિશોરો કાવત્રુ ઘડીને રવિવારે સવારે લોખંડની જાળી તોડી ભાગી જતાં દોડધામ મચી ગઇ હતી. જો કે એક પાકિસ્તાની કિશોર પરત આવી ગયો હતો અને બાકીના ૪ને ક્રાઇમ બ્રાંચની ટીમે લીંબડી, સુરેન્દ્રનગર પાસેથી શોધી કાઢ્યા હતાં. હજુ છ બાળકોની શોધખોળ ૧૩ ટીમો બનાવીને કરવામાં આવી રહી હોઇ વધુ બે બાળકો બોટાદ અને નળ સરોવર ખાતેથી મળી આવ્યા હતાં. જે બાળ આરોપી ભાગ્યા તેની સામે હત્યા, દૂષ્કર્મ, આર્મ્સ એક્ટ, મારામારી, હત્યાની કોશિષ, ચોરી, લૂંટ સહિતના ગુનાઓ છે. એક બાળકને મુંબઇ જવાની ઇચ્છા હોઇ તેણે જ બીજા બાળકોને ભાગી જવાના પ્લાનમાં સામેલ કર્યા હોવાની પ્રાથમિક વિગતો સામે આવી હતી.

વિગતો પર નજર કરીએ તો આ બાળકો બે ગ્રુપ બનાવીને ભાગ્યા હતાં. એક ગ્રુપમાં છ અને બીજામાં પાંચ બાળકો હતાં. જો કે એક પાકિસ્તાની બાળકને તેરે પાસ કુછ નહિ હૈ કહીને પરત મોકલી દેવામાં આવતાં તે પાછો આવી ગયો હતો. રવિવારે સવારે બાળ સંરક્ષણ ગૃહમાંથી બાળકો ભાગી ગયાની ઘટના જાહેર થતા જ ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી, એ-ડિવીઝન પોલીસનો કાફલો, ક્રાઇમ બ્રાંચ, એલસીબી, પેરોલ ફરલો સ્કવોડની ટીમો પહોંચી ગઇ હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જીલ્લા કલેક્ટર ઓમ પ્રકાશ પણ પહોંચ્યા હતાં અને તપાસ બાદ તેમણે આ ઘટના પુર્વઆયોજીત કાવતરાનો ભાગ હોવાનું જણાવ્યું હતું. એક બાળકે પ્લાન મુજબ પોતાના હાથમાં ઇજા થઇ છે તેવું કહી ગાર્ડ પાસે સારવાર ચાલુ કરાવી હતી અને બીજી તરફ બીજા દસ બાળકોએ લોખંડની જાળી તોડવાનું કામ ચાલુ કર્યુ હતું. આ પહેલા સીસીટીવી કેમેરા પણ તોડી નાંખ્યા હતાં. બાદમાં અગીયાર બાળકો ભાગી નીકળ્યા હતાં. જો કે પોલીસે તપાસ કરતાં ખબર પડી હતી કે સૌથી પહેલાં ત્રણ રૂમની ઉપર લગાવેલો સીસીટીવી કેમેરો તોડી નાખવામાં આવ્યો હતો. ત્યારબાદ, એક બાળકે પોતે ઈજાગ્રસ્ત થયો હોવાનું નાટક કરી વોર્ડનને પાટાપિંડી કરવા વ્યસ્ત રાખ્યો હતો. આ તકનો લાભ ઉઠાવીને અન્ય કિશોરો રૂમની મજબૂત લોખંડની જાળી તોડીને ત્યાંથી છટકી ગયા હતા. હાલ આ સંરક્ષણ ગૃહમાં કુલ ૫૫ જેટલા કિશોરો આશ્રય લઈ રહ્યા છે. કલેક્ટરશ્રીએ કહ્યું હતું કે આ સંસ્થાનો મુખ્ય હેતુ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા કિશોરોને સુધારીને સમાજના મુખ્ય પ્રવાહમાં પાછા લાવવાનો હોવાથી અહીં ખૂબ જ હળવું અને મૈત્રીપૂર્ણ વાતાવરણ રાખવામાં આવે છે.

સિક્યોરિટી ગાર્ડ્સ પણ સામાન્ય કપડામાં જ ફરજ બજાવે છે અને ત્રણ શિટમાં બે-બે ગાર્ડ દેખરેખ રાખતા હોય છે. વહીવટી તંત્રે જણાવ્યું છે કે હાલ હ્યુમન ઈન્ટેલિજન્સ અને આધુનિક ટેકનોલોજીની મદદથી ભાગી છૂટેલા દસ કિશોરોને ટ્રેક કરવાની કાર્યવાહી શરૂ થઇ હતી. તેના ફળ સ્વરૂપે લીંબડી અને સુરેન્દ્રનગર નજીકથી ચાર બાળકોને શોધી કાઢવામાં ક્રાઇમ બ્રાંચને સફળતા મળી હતી. આ બાળકોને બાળ સંરક્ષણ ગૃહના હવાલે કરાયા હતાં. આ ઉપરાંત વધુ બે બાળકોને બોટાદ અને નળ સરોવર પાસેથી શોધી લેવાયા છે. જે બાળકો ભાગી ગયા તેમાં રાજકોટ, ભુજ, પાકિસ્તાન, બિહાર, ઓરિસ્સા, બોટાદ, જુનાગઢ, ઉપલેટા, પુર્વ કચ્છ, રાજકોટ માલવીયાનગર, થોરાળા, તાલુકા પોલીસ સ્ટેશનના ગુનાના બાળ આરોપીઓ સામેલ છે. આ તમામ સામે ગંભીર પ્રકારના ગુનાઓ હોઇ તેને અહિ રાખવામાં આવ્યા હતાં. ચાર બાળકો હજુ ફરાર હોઇ તે પણ ઝડપથી મળી જવાની પોલીસે આશા દાખવી હતી.

કુતરા ઘુસી ન જાય એ માટે જેઠાણીને ટકોર કરતાં તેણે પતિ, દિકરાઓને બોલાવી ધમાલ મચાવી


# દરવાજા બંધ કરવા મુદ્દે મહિલા પર હુમલો

રાજકોટ,તા.૧૫

મારામારીના બનાવો રોજબરોજ બનતા રહે છે. ઘણીવાર પાડોશીઓ નાના મોટા કારણે બાખડી પડે છે તો ઘણીવાર રોડ પર વાહનચાલકો મારામારી પર ઉતરી આવે છે. તો ક્યારેક ઘરના ઘા કરી લેતાં હોય છે. આવી જ એક ઘટના માધાપર પાસે મનહરપુર-૨માં બની છે. અહિ રહેતાં એક મહિલાએ પોતાના ઘરના ફળીયામાં આવેલા માતાજીના મઢનો દરવાજો બંધ કરવાનું કહેતાં તેના જેઠાણી, જેઠ, બે ભત્રીજા તૂટી પડતાં તેમને થાપામાં ફ્રેક્ચર થઇ જતાં હોસ્પિટલના બિછાને પહોંચવાની નોબત આવી હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ ગાંધીગ્રામ પોલીસે માધાપર ચોકડીથી બેડી ચોકડીના રસ્તે આવેલા મનહરપુર-૨ ગામમાં રામજી મંદિર પાસે રહેતાં અને હુમલામાં ઘાયલ થયેલા છપ્પન વર્ષના મુક્તાબેન ભગુભાઇ દાનેવાડીયાની ફરિયાદ પરથી તેના જેઠ ધનાભાઇ દાનેવાડીયા, ભત્રીજા અશોક, દેવરાજ તથા જેઠાણી મંજુબેન વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.





મનહરપુર-૨ ગામની ઘટનાઃ મહિલા પર ઘરના જ તૂટી પડતાં સારવાર હેઠળઃ બીજી ઘટનામાં ભીક્ષાવૃતિ મામલે માથાકુટ થતાં જુનાગઢમા પતિએ પત્નિને લાદીના ઘા ફટકારી કર્યો હત્યાનો પ્રયાસ

મુક્તાબેને ફરિયાદમાં જણાવ્યું છે કે પોતે પોતાના ઘરના દરવાજા પાસે બેઠા હતા. તેમના ફળિયામાં ચામુંડા માતાજીનો મઢ આવેલો છે. આ મઢમાં તેમના જેઠાણી મંજુબેન દર્શન કરવા આવ્યા હતા.

જેઠાણી મંજુબેન દર્શન કરીને મઢની જાળી બંધ કર્યા વગર જઈ રહ્યા હોવાથી, મુક્તાબેને તેમને જાળી બંધ કરવાનું કહ્યું હતું.માત્ર આટલી વાત કહેતા જ જેઠાણી મંજુબેન ઉશ્કેરાઈ ગયા હતા અને મુક્તાબેન સાથે બોલાચાલી કરી ઝઘડો કરવા લાગ્યા હતા. ઝઘડો વધતા જ મંજુબેનના પતિ ધનાભાઈ, બે દીકરાઓ અશોકભાઈ અને દેવરાજભાઈ ત્યાં ધસી આવ્યા હતા. આ ત્રણેય જણાએ આવીને મુક્તાબેન સાથે ગાળાગાળી અને ઝઘડો શરૂ કર્યો હતો. મુક્તાબેને જેઠ ધનાભાઈને સમજાવી મઢમાં કુતરા ન ઘુસી જાય એટલે જાળી બંધ કરવાનું કહ્યું હતું તેમ કહેતાં જેઠ અને ભત્રીજાઓ ઉશ્કેરાઇ ગયા હતાં અને ઢીકાપાટુનો માર મારતાં તે પડી ગયા હતાં. દેકારો થતાં મુક્તાબેનના પતિ ભગુભાઈ અને તેમનો દીકરો રવિ દોડી આવ્યા હતા અને મુક્તાબેનને વધુ મારથી બચાવ્યા હતાં અને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. અહિ તબિબે જમણા પગે થાપાના ભાગે ફ્રેક્ચર હોવાનું નિદાન કર્યુ હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં ઇન્સપેક્ટર એચ. પી. ગઢવીના માર્ગદર્શનમાં હેડકોન્સ. એમ. જી. જાડેજાએ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

મારામારીની અન્ય એક ઘટના જોઇએ તો કોડીનારના માલચરમ ગામે રહેતાં ઝરીનાબેન સિકંદરભાઇ બાનવા નામના પચાસ વર્ષના મહિલા જુનાગઢમાં પોતાની દિકરીના દિકરા સાથે ભીક્ષાવૃતિ કરવા આવ્યા હોઇ જુનાગઢના રેલ્વે સ્ટેશન બહાર તેના પતિ સિકંદર બાનવાએ ઝઘડો કરી માથામાં લાદીના ટુકડાના ઘા ફટકારી દેતાં ગંભીર ઇજા થતાં જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.ઝરીનાબેનને સંતાનમાં એક દિકરો અને ચાર દિકરી છે. તેણીના સગાએ કહ્યું હતું હતું કે ઝરીનાબેન તેની દિકરી નસીમબેનના પુત્ર શાહરૂખ સાથે હાલ જુનાગઢમાં હરતા ફરતા રહી ભીક્ષાવૃતિ કરે છે. આ વાત તેણીના પતિ સિકંદરને પસંદ ન હોઇ બંને વચ્ચે ઝઘડો થતાં પતિ સિકંદરે લાદીના ટુકડાથી હુમલો કર્યો હતો. માથામાં ગંભીર ઇજા પહોંચી હોઇ બેભાન હાલતમાં જુનાગઢ હોસ્પિટલમાંથી રાજકોટ સિવિલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જુનાગઢ બી-ડિવીઝન પોલીસને જાણ કરતાં જુનાગઢ પોલીસે રાજકોટ પહોંચી ફરિયાદ નોંધવા તજવીજ કરી હતી. હુમલાનું કારણ ખરેખર શું છે? તે જાણવા અને હત્યાની કોશિષનો ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.

## ફૂડ એડલ્ટ્રેશન એટલે આતંકી કાવતરા સમાન

# ભેળસેળ કરતાં વેપારીઓ પર આરોગ્ય વિભાગનું મેગા ઓપરેશન

**એક વર્ષ ચાલશે મેગા ઝુંબેશ : ફૂડ વિક્રેતાઓને ત્રણ કેટેગરીમાં કર્યા વિભાજીત : હોકર્ઝ ઝોનથી ક્લાઉડ કિચન સુધીના વેપારીઓને આવરી લેવાશે, સુપર માર્કેટ તથા મેગા મોલમાં કરિયાણાની પણ થશે તપાસ**

રાજકોટ, તા. ૧૫

રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુક્ત હોદ્દેદારો દ્વારા કાર્ય પ્રણાલીમાં ધરખમ ફેરફાર કરી દેવામાં આવ્યો છે એટલું જ કહી દરેક વિભાગ પણ હાલ પોતાની સર્વોચ્ચ સત્તાનો ઉપયોગ કરી ઘાલ કામગીરી કરતા થઈ ગયા છે. ગઈકાલે થાકી દેશ મહાનગરપાલિકાના મેયર નેહલ શુકલની અધ્યક્ષતામાં ખાસ પત્રકાર પરિષદ બોલાવવામાં આવી હતી જેમાં આરોગ્ય અંગે સમગ્ર વર્ષ દરમિયાન તપાસ હાથ ધરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હોવાનું પણ જણાવ્યું હતું. જેમાં હોકર્સ ઝોન થી લઈ ક્લાઉડ કિચનને પણ આવરી લેવામાં આવશે. એટલું જ નહીં મેગા મોલ અને સુપર માર્કેટમાં કરિયાણાની વસ્તુઓ ની પણ તપાસ કરાશે જેથી ખોરાકમાં જે ભેળસેળ થઈ રહી છે તેનાથી લોકોના સ્વાસ્થ્યને બચાવી શકાય જે અંગે હાલ તમામ જરૂરી પગલાઓ લેવામાં આવશે.

આ પ્રસંગે મેયર નેહલ શુકલે માહિતી આપતા જણાવ્યું હતુ કે તંત્ર દ્વારા જે પગલાંઓ લેવામાં આવ્યા છે તેને યોગ્ય રીતે અનુસરવામાં આવે સાથોસાથ ફૂડ વિક્રેતાઓમાં તંત્રનો ભય રહે તે હેતુસર હાલ આ તમામ પગલાંઓ લેવાનો આદેશ રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી દ્વારા આપવામાં આવ્યો છે ત્યારે ત્રણ તબક્કામાં વિવિધ રેસ્ટોરન્ટ તથા વોકર્સ ઝોનના વિક્રેતાઓને વર્ગીકૃત કરવામાં આવ્યા છે જે આધારે હાલ તપાસ હાથ ધરાશે. આગામી ત્રણ દિવસ સવારથી રાત્રિ દરમિયાન વિવિધ જગ્યાઓ પર આરોગ્ય વિભાગ અલગ અલગ ટીમો મારફતે વેપારીઓ પર તપાસ હાથ ધરશે અને શંકાસ્પદ ખોરાક જણાતા તેને લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલવામાં આવશે.



મહાનગરપાલિકા દ્વારા નગરજનોને ભેળસેળવાળા ખોરાકમાંથી મુક્તિ અપાવવા, ભેળસેળ વિરુધ્ધ આગામી એક વર્ષ સુધી સતત સઘન ચેકિંગ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે, તેમ મેયર ડો. નેહલ શુક્લ અને કમિશનર તુષાર સુમેરાએ આજે જાહેર કર્યુ છે. તેઓએ શહેરના વેપારીઓને ભેળસેળથી દૂર રહેવા ચેતવણી આપતા કહ્યું હતું કે, ભેળસેળ કરતાં પકડાશે તે ધંધાર્થી સામે સ્થળ પર જ દંડની વસૂલાત, વ્યવસાયિક એકમ સીલિંગ સહિતના આકરા કાયદાકીય પગલાં લેવાશે.મેયરે જણાવ્યું હતું કે, ખોરાકનો મુદ્દો સૌને સ્પર્શે છે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા પણ સમગ્ર રાજ્યમાં લોકોને ભેળસેળ વગરના ખાદ્યપદાર્થો મળી રહે તેનો આગ્રહ રાખે છે. મનપા પણ આ મુદ્દો ગંભીરતાથી લઈ રહી છે.રાજકોટમાં લોકોને ભેળસેળવાળા ખોરાકમાંથી મુક્તિ અપાવવાના સંકલ્પ સાથે આ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ફૂડ શાખા ત્રણ કેટેગરીમાં એટલે કે, ૧) નાનામાં નાના ધંધાર્થીઓ (હોકર્સ ઝોન, રેંકડી ધારકો અને હરતા ફરતા ધંધાર્થીઓ), ૨) લોકલ રેસ્ટોરન્ટ અને ૩) નામાંકિત મોટી હોટલો-રેસ્ટોરન્ટ, એમ તમામ ધંધાર્થીઓને આ ચેકિંગ ઝુંબેશમાં આવરી લેવામાં આવશે.મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, આ માત્ર કોઈ ટૂંકા ગાળાની ડ્રાઈવ નથી પરંતુ આખું વર્ષ ચાલનારી એક સઘન ઝુંબેશ છે. શહેરમાં આવેલા તમામ ખાણીપીણીના આઉટલેટ્સ, રેસ્ટોરન્ટ્સ, હોટલ્સ તેમજ હોકર ઝોન સહિતના તમામ નાના-મોટા ખાણીપીણીના વેપારીઓને આ ઝુંબેશ હેઠળ આવરી લેવામાં આવશે. હાલ પ્રાયોગિક ધોરણે કામગીરી માટે ૮ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે, જેમાં આગામી સમયમાં જરૂરિયાત મુજબ વધારો કરીને કામગીરીને વધુ સુદ્રઢ કરવામાં આવશે.લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા અને ખોરાકમાં ભેળસેળ કરનારા તત્વો સામે તંત્ર દ્વારા સખત કાર્યવાહી કરવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનરે આ કેમ્પેઈનને સફળ બનાવવા માટે શહેરના તમામ લોકો અને વેપારીઓ પાસે સહકારની અપેક્ષા વ્યક્ત કરી છે.

### પાપા લુઈસ પીઝામાં વાસી બ્રેડ અને વંદા મળી આવતા કડક કાર્યવાહી

મેયર-કમિશ્નરની સૂચનાથી ગઈકાલે જ આરોગ્ય અને ફૂડ વિભાગની ટીમ હોટલ-રેસ્ટોરન્ટના ચેકીંગમાં ઉતરી પડી છે. કમિશ્નર બંગલા રોડ પર યાજ્ઞિક રોડ નજીક આવેલા આઈ લવ પાપા લુઈસ પીઝા પાર્લરમાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ પાર્લરમાં વાસી બ્રેડ અને વંદા જોવા મળતા તેનો નાશ કરવામાં આવ્યો છે. આ સ્થળે અનહાઈજેનીક કંડીશન અંગે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે તેમ આરોગ્ય અધિકારી ડો. જયેશ વકાણીએ કહ્યું હતું. જોકે સંચાલકે ગઈકાલે પાર્લરમાં જંતુનાશક દવા છંટકાવ કરાવ્યાનું અને આ કારણે આજે પાર્લર પણ બંધ હોવાનું જણાવ્યું હતું. આ સિવાય પણ નાના મવા સહિતના વિસ્તારોમાં ફૂડ વિભાગની ચેકીંગ ડ્રાઈવ ચાલુ છે.

### વહીવટી ચાર્જ વસૂલી પેઢીને સીલ કરવા સુધીના આદેશ

આરોગ્ય અધિકારી જયેશ વાકાણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે સમગ્ર વર્ષ દરમિયાન ચાલનારી આ ડ્રાઈવમાં વેપારીઓને માત્ર વહીવટી ચાર જ નહીં પરંતુ સીલ કરવા સુધીના આદેશ સરકાર અને ખાસ મહાનગરપાલિકાના સત્તાધિશો દ્વારા આપવામાં આવ્યા છે. ૧૦૦૦૦ સુધીના દંડની સાથે એકમોને સીલ કરવા સુધીના આદેશો પણ કરવામાં આવ્યા છે. પ્રાથમિક તબક્કામાં હાલ વિવિધ રેસ્ટોરન્ટ તથા હોકર્સ ઝોનમાં વેપાર કરતાં વેપારીઓ પર તવાઈ બોલાવવામાં આવશે. ત્યારબાદ આઈસક્રીમ પાર્લર, દૂધ અને દૂધથી બનતી વિવિધ વસ્તુઓના વિક્રતાઓ પણ તવાઈ, ત્યારબાદ ફરસાણ વિક્રેતાઓ, સુપર માર્કેટ તથા વેરહાઉસ અને ત્યારબાદ વોકર્સ ઝોન ઉપર તપાસનો ધમધમાટ હાથ ધરાશે .

### મોકલેલા સેમ્પલ વહેલાસર મળે તેવી લેબોરેટરીને અપાશે સૂચના

હાલ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા જે તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને જે સેમ્પલ લેવામાં આવી રહ્યા છે તેને વડોદરા ખાતે લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલવામાં આવે છે જ્યાં રિપોર્ટ આવતા ત્રણથી ચાર મહિના જેટલો સમય લાગી જાય છે પરંતુ હાલ દોઢ માસની અંદર સેમ્પલ નો રિપોર્ટ મળી જતો હોવાનું પણ આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું ત્યારે આ ખાસ ઝુંબેશમાં વહેલાસર નમુના નો રિપોર્ટ આપી દેવામાં આવે તે પ્રકારની સુચના પણ રાજ્ય સરકાર મારફત લેબોરેટરીને આપવામાં આવશે જેથી વધુ કાર્યવાહી કરી શકાય. આ ડ્રાઈવ ના કારણે એજ્યુડીકેશનની કામગીરી પણ વધશે.

### સ્ટાફનો અભાવ સૌથી મોટો પડકાર

સમગ્ર વર્ષ દરમિયાન જે કામગીરી કરવા નો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે તેને જોતા હાલ મહાનગરપાલિકા માટે જો કોઈ મોટો પડકાર હોય તો તે સ્ટાફનો અભાવ છે ત્યારે વિવિધ આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા કર્મચારીઓને પણ ખાસ આ ઝુંબેશ માં સહભાગી કરવામાં આવશે જેથી કામગીરી સરળતાથી થઈ શકે. મહાનગરપાલિકા દ્વારા હાલ છ ટીમનું ગઠન કરવામાં આવ્યું છે જેમાં દરેક ટીમમાં પાંચ સભ્યો હશે. જેમાં ફૂડ સેફ્ટી ઓફિસર ટીમ લીડ કરશે અને મલ્ટીપરપસ હેલ્થ વર્કર તેમને સાત સહકાર આપશે.

### શહેરમાં ૧૮,૯૭૮ નાના મોટા વેપારીઓ એક્ટિવ

મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ હસ્તે સ્કૂલ ૧૮,૯૭૮ વેપારીઓ નોંધાયેલા છે જેમાં વોકર્સ ઝોન અને નાના વેપારીઓ ને આવરી લેવામાં આવે તો કુલ ૧૫૯૭૮ નો આંકડો સામે આવ્યો છે જેમનું વાર્ષિક ટન ઓવર એક રૂપિયાથી લઈ દોઢ કરોડ સુધીનું હોય. ત્યારબાદ સ્ટેટ લાયસન્સ મેળવનાર ૩,૦૦૦ વેપારીઓ હાલ નોંધાયા છે કે જેમનું વાર્ષિક ટન ઓવર દોઢ કરોડથી ૫૦ કરોડ વચ્ચેનું હોય.

# કટારીયા ચોકડી ‘થ્રી લેયર’ જંકશનનું ૪૦% કામ પૂર્ણ

## માળખાગત સુવિધાઓની સાથોસાથ સ્થાનિકોને ટ્રાફિકમાંથી મુક્તિ મળશે : કામગીરી વધુ તેજ બનાવવા તખ્તો તૈયાર




### વિવિધ તબક્કામાં શરૂ કામગીરીની વિગતો

**“ અંડરપાસ બોક્સ સેલઃ**
પ્રોજેક્ટના સૌથી મહત્વપૂર્ણ ભાગ સમાન અંડરપાસ બોક્સ સેલનું ૮૧.૯૦% કામ સફળતાપૂર્વક પૂરું થઈ ગયું છે.

**“ ગર્ડર :**
ફ્લાયઓવરના પાયા સમાન પિલર પર સ્લેબ ગોઠવવાનું એટલે કે ગર્ડરનું ૭૩.૮૭% કામ આખરી તબક્કામાં છે.

**“ પાઈલ :**
બ્રિજની મજબૂતાઈ નક્કી કરતા પાઈલ ફાઉન્ડેશનનું ૬૬.૬૬% કામ પૂરું થઈ ચૂક્યું છે.

**“ વોટર કલેક્શન સમ્પ વોલઃ**
ચોમાસામાં અંડરપાસમાં પાણી ભરાવાની મોટી સમસ્યા રહેતી હોય છે. આ સમસ્યાના કાયમી નિકાલ માટે આધુનિક ડ્રેનેજ વ્યવસ્થા અંતર્ગત સમ્પ વોલનું ૫૬.૮૫% કામ રેડી છે.

**“ વાયડનિંગ બોક્સ કલ્વર્ટઃ**
રસ્તાની પહોળાઈ અને પાણીના વહેણને વ્યવસ્થિત કરવા માટેના કલ્વર્ટનું ૫૨.૩૫% કામ પૂરું થયું છે.

**“ યુ-ટાઈપ રીટેનિંગ વોલઃ**
અંડરપાસ અને એપ્રોચ રોડને સપોર્ટ આપતી દીવાલનું ૫૦% કામ પણ સંપન્ન થઈ ગયું છે.

### નાગરિકો માટે સુખાકારીની લાઈફલાઈન

આ મેગા પ્રોજેક્ટ અંગે ગ્રાઉન્ડ લેવલની વિગતો આપતા રાજકોટ મહાનગરપાલિકા (છમ્ઈ) ના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળીયાએ જણાવ્યું હતું કે, કટારીયા ચોકડી પરનું ૪૪ ટકા કામ પૂર્ણ થતાં જ હવે રાજકોટવાસીઓની રોજિંદી હાડમારીનો અંત નજીક આવી પહોંચ્યો છે. કાલાવાડ રોડ અને રિંગ રોડના જંક્શન પરથી રોજ પસાર થતા આશરે ૨ લાખથી વધુ લોકોને આ પ્રોજેક્ટથી સીધો ફાયદો થશે. વધુમાં ઉમેર્યું કે, ‘‘આ પ્રોજેક્ટ માત્ર સિમેન્ટ-કોંક્રિટનો બ્રિજ નથી, પરંતુ રાજકોટના આર્થિક ગ્રોથ અને લોકોની સુખાકારીની ખરી લાઈફલાઈન છે. અમારો ઉદ્દેશ્ય વાહનચાલકોને વૈશ્વિક કક્ષાની આંતરમાળખાકીય સુવિધા આપવાનો છે. કેબલ સ્ટેઈડ બ્રિજ અને લાંબો અંડરપાસ ટૂંક સમયમાં જ્યારે જનતા માટે ખુલ્લા મુકાશે, ત્યારે રાજકોટ એક નવી ઝડપ, નવી ઊર્જા અને ગતિશીલ રફતાર સાથે વિકાસના પથ પર દોડશે.

### ૭૪૪ મીટર લાંબો ’કેબલ સ્ટેઇડ’ બ્રિજ

કટારીયા ચોકડી પર વાહનચાલકોને વર્તમાન સમયમાં પીક-અવર્સ દરમિયાન ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડે છે. આ સમસ્યાને નેસ્તનાબૂદ કરવા માટે કાલાવાડ રોડ પર આશરે ૭૪૪ મીટર લાંબો ભવ્ય ’કેબલ સ્ટેઇડ’ (Cable-Stayed) આધુનિક બ્રિજ આકાર લઈ રહ્યો છે. સ્થાપત્ય અને એન્જિનિયરિંગ કળાનો આ ઉત્કૃષ્ટ નમૂનો રાજકોટની મેટ્રો સિટી તરફની કુચને વેગ આપશે. બીજી તરફ, ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ટ્રાફિકને સિગ્નલ-ફ્રી કરવા માટે ૪૫૯ મીટર લાંબો ભવ્ય અંડરપાસ બનાવવામાં આવી રહ્યો છે. આ અંડરપાસનું બોક્સ સેલ અને સ્ટ્રક્ચરલ કામ ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું હોવાથી, ટૂંક સમયમાં જ તેને આખરી ઓપ આપવામાં આવશે. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને વોટર કલેક્શન સમ્પ વોલનું અડધાથી વધુ કામ પૂરું કરી લેવામાં આવ્યું હોવાથી, આ નવતર પ્રોજેક્ટમાં ભારે વરસાદ દરમિયાન પણ વાહનવ્યવહાર ખોરવાશે નહીં તેવી સચોટ ગણતરી રાખવામાં આવી છે.

રાજકોટ, તા. ૧૫

રાજ્ય સરકાર દ્વારા દરેક શહેર અને જિલ્લાને માળખાગત સુવિધાઓથી સુસજ બનાવવા માટેના તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે હાલ રાજકોટ ખાતે કટારીયા ચોકડી પાસે થ્રી લેયર જંકશનનું કાર્ય પૂર ઝડપે આગળ વધી રહ્યું છે અને આ બ્રિજ બનતા ની સાથે જ રાજકોટને એક સૌથી મોટી ભેટ મળશે. હાલ આ કામગીરી આશરે ૪૦% થી વધુ પૂર્ણ કરી દેવામાં આવી રહી છે અને આવનારા દિવસોમાં કામગીરી વધુ તે જ બનાવવા માટેનો તખ્તો પણ તંત્રએ તે જ કર્યો છે. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેવામાં આવે તો નવનિર્માણ થનાર આ બ્રિજ કોઈ સામાન્ય નથી પરંતુ રાજકોટ વાસીઓને સુવિધા અને સુંદરતા આપનારો પ્રોજેક્ટ છે. આ ફ્લાયઓવર અને અંડરપાસ કાર્યરત થતાંની સાથે જ રોજિંદા લાખો વાહનચાલકોનો પ્રવાસ માત્ર સરળ જ નહીં, પણ અત્યંત સુરક્ષિત અને ઝડપી બની જશે.રાજકોટ મહાનગરપાલિકના આયોજનબદ્ધ નેતૃત્વ હેઠળ ચાલી રહેલા આ પ્રોજેક્ટમાં માત્ર બાંધકામ જ નહીં, પરંતુ નાણાકીય પાસાઓ પણ સમાંતર રીતે આગળ વધી રહ્યા છે.